# ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ગૌણ વન પેદાશોના એકત્રીકરણ અને આપવામાં આવતા ભાવોનો મૂલ્યાંકન અભ્યાસ

અહેવાલ - ૩૨૧


અહેવાલ લેખન :
શ્રી જસવંતસિંહ રાઠોડ



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪.

૧૯૯૪-૯૫



૩૨૭

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | ૧ થી ૩ |
| ૨ | આદિવાસી અને જંગલ | ૪ થી ૧૪ |
| ૩ | જંગલ ગૌણ પેદાશ એકત્રીકરણની સમસ્યાઓ અને મળતા ભાવો. | ૧૫ થી ૨૪ |
| ૪ | અભ્યાસમાં સમાવેલ કુટુંબોની વિસ્તૃત માહિતી | ૨૫ થી ૫૧ |
| ૫ | તારણો અને સુચનો | ૫૨ થી ૬૨ |

# પ્રકરણ – ૧

## પ્રાસ્તાવિક

ગુજરાતમાં આદિવાસીઓની વસતિ મુખ્યત્વે આઠ જિલ્લાઓમાં આવેલી છે. દાંતાથી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટી ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ પ્રદેશો ઉત્તરમાં અરવલ્લીની પર્વતમાળામાં પૂર્વમાં સાતપુડા અને વિંધ્યાચળની પર્વતમાળામાં અને દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વતમાળામાં આવેલાં છે. આ આખો વિસ્તાર વીસ હજાર ચોરસ માઈલનો છે. અહીંયાં આદિવાસીઓની મુખ્યત્વે વસતિ છે. આ ઉપરાંત કચ્છ અને જુનાગઢ જિલ્લામાં પણ કુલ આદિવાસી વસતિના ૭.૦૩ ટકા અને ૦.૪૬ ટકા આદિવાસીઓ વસવાટ કરે છે જે વત્તાઓછા પ્રમાણમાં જંગલ સાથે સંકળાયેલા છે.

ગુજરાતમાં ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે ૬૧,૬૧,૭૭૫ની આદિ- વાસી વસતિ છે જે કુલ વસતિના ૧૪.૯૨ ટકા થાય છે. ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારની સામે ૨૭,૧૮૯ ચો. કિ.મી. વિસ્તારમાં આદિવાસી વસતિ છે. જે કુલ ભૌગોલિક વિસ્તારના ૧૩.૮૮ ટકા જેટલો થાય છે. ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારના પ્રમાણમાં ૩૩ ટકા જંગલ વિસ્તાર હોવો જોઈએ પણ તેની સામે હાલમાં એટલે કે ૧૯૯૧-૯૨ના સર્વે પ્રમાણે ૮ ટકાજ જંગલ વિસ્તાર ધરાવતી ગુજરાતની ભૂમિ ઉજ્જડ બનતી આવી છે. જંગલના નાશની સાથે સાથે ઘણી બધી વસ્તુઓ નાશ થઈ રહેલી જોઈ શકાય છે. જેમાં મુખ્ય જંગલ ગૌણ પેદાશ, વન ઔષધ, પર્યાવરણની સમતુલાની સાથે સાથે કુદરતી સમૃદ્ધિનો ખૂબ ઝડપી નાશ થઈ રહ્યો છે તેની સામે જે પ્રયત્નો થઈ રહ્યા છે તે ગણાય અલ્પ અને અપૂરતા હોય તેમ આંકડાઓ ઉપરથી જોઈ શકાય છે.

આદિવાસી જંગલ સાથે જોડાયેલો છે. જંગલ તેને ઘણા પ્રકારની સહાય કરે છે. ગુજરાત રાજ્ય વનવિકાસ નિગમ દ્વારા હાથ ધરવામાં

આવેલ વિવિધ પ્રવૃત્તિઓ પૈકી ગૌણ વન પેદાશના વ્યાપારની મુખ્ય પ્રવૃત્તિ છે. નિગમ દ્વારા ૫૫ જેટલી ગૌણવન પેદાશો એકત્ર કરવામાં આવે છે. જોકે ગૌણવન પેદાશોના એકત્રીકરણની મોસમનો ગાળો ખૂબ ટૂંકો છે. પરંતુ માર્ચ થી જુન સુધીના ગાળામાં મોટાભાગની મુખ્ય પેદાશોનું એકત્રીકરણ થતુ હોય છે. આમ જ્યારે ખેતી કે અન્ય કોઈ રોજગારીની તકો આદિવાસીઓ પાસે હોતી નથી ત્યારે આ ગૌણ વન પેદાશોના એકત્રીકરણથી પૂરક રોજી પૂરી પાડવાની મહત્વની કામગીરી બજાવવામાં આવે છે. સને ૧૯૯૨-૯૩ના વર્ષે આદિવાસીઓને ચૂકવાયેલ રકમ અને માનવ દિનની વિગતો જોતાં એમ લાગે છે કે આ એક અમૂલ્ય અને ખૂબ પાયાનું કામ હાથ પર લીધેલ છે. અંદાજે ૧ લાખ આદિવાસીઓને ૫૫ લાખ માનવદિન રોજગારી આપતી આ પ્રવૃત્તિને વધુ સુદૃઢ બનાવવામાં આવે તો જંગલ વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસીઓ માટે ખૂબ અગત્યની કામગીરી ગણાવી શકાય. આ માટે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમે શ્રી ગુજરાત ગૌણવન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ ૧૯૭૯ હેઠળ સરકારશ્રી તરફથી ટીમરૂપાન, મહુડાફૂલ, ડોળીઓ વિવિધ ગુંદરોના વ્યાપારની એક હથ્થુ સત્તા ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમને અપાયેલ છે. આ કાયદા અન્વયે આ રાષ્ટ્રીયકૃત પેદાશોના એકત્રીકરણ દર નક્કી કરવા અંગે દર વર્ષે સરકારશ્રી દ્વારા સલાહકાર સમિતિની નિયુક્તિ કરવામાં આવે છે. અને સદર સલાહકાર સમિતિની ભલામણ અનુસાર સરકારશ્રી દ્વારા આ ગૌણવન પેદાશોના એકત્રીકરણ દર નિયત કરવામાં આવે છે. નિગમ દ્વારા આ સિવાય હાલમાં ૪૨ જેટલી બિન રાષ્ટ્રીયકૃત પેદાશોનું પણ એકત્રીકરણ કરવામાં આવે છે. કેટલીક પેદાશોના બજારભાવે તેની મોસમ ટાણે બદલાતા હોય છે. બજારભાવોને અનુરૂપ પણ આ પેદાશોના એકત્રીકરણ દર સંગ્રહકારો મળી રહે તેથી નિગમ દ્વારા ગયા વર્ષથી એક પ્રાઇસ સમિતિની પણ રચના કરવામાં આવેલ છે. આમ ગૌણવન પેદાશોના એકત્રીકરણ અને આપવામાં આવતા ભાવ બાબતનો મૂલ્યાંકન અભ્યાસ ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યો હતો.

<u>પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે હતા.</u>:

(૧) ગૌણવન પેદાશોના એકત્રીકરણ અને આપવામાં આવતા ભાવો તપાસવા.

(૨) મોસમ ટાણે બદલાતા ભાવો તપાસવાં.

(૩) વચેટીયા દ્વારા આપવામાં આવતા ભાવો તપાસવા.

(૪) ખાનગી વેપારીઓ દ્વારા એકત્રીકરણ થાય છે કે કેમ તે તપાસવું.

(૫) પરવાનેદાર વેપારીઓ દ્વારા કરવામાં આવતુ એકત્રનું પ્રમાણ અને ભાવો તપાસવા.

(૬) એકત્રીકરણ કરનાર વ્યક્તિઓના અભિપ્રાયો.

(૭) કુટુંબના કેટલા અને ક્યા સભ્યો આમાં રોકાયેલા રહે છે.

(૮) કેટલા સમય માટે આ કામગીરી ચાલે છે.

(૯) વિસ્તાર પ્રમાણે મળતી ગૌણવન પેદાશો.

(૧૦) ખાનગી વેપારીઓ દ્વારા આપવામાં આવતા ભાવો.

(૧૧) ગૌણવન પેદાશથી કુટુંબની આવકમાં થયેલ વધારો.

(૧૨) ગૌણવન પેદાશની આવકનો ઉપયોગ વગેરે.

હેતુઓ ધ્યાનમાં રાખી તથા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં અનુસૂચિ, મુલાકાત, સભાઓ નિરીક્ષણ, ગ્રંથાલય જેવી વૈજ્ઞાનિક પધ્ધતિઓ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ખાતાકીય અધિકારીઓની મુલાકાત લઈ વહીવટી માળખાની પણ જાણકારી મેળવવામાં આવી હતી. પરવાનેદાર વેપારીઓની પણ મુલાકાત લઈ તેમની માહિતી એકત્ર કરવામાં આવી હતી.

## પ્રકરણ – ૨

## આદિવાસી અને જંગલ

ગુજરાતના જંગલોને ધ્યાનમાં નજર રાખી વાત કરીએ તો ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારમાં ૩૩ ટકા જંગલ હોવું જોઈએ તેની સામે આજે ગુજરાતમાં ૮ ટકા જંગલ બચવા પામ્યું છે, ત્યારે જંગલ ઉપર બાહય દબાણો વધતા રહ્યા છે. અને રહેશે. જંગલો અને આદિવાસીઓ, બાહય આક્રમણ સામેની સામુ ઝીંકને પરિણામે હવે કુદરત પ્રદેશમાંજ રહ્યાં છે. જંગલોએજ આદિવાસીઓને જીવતદાન અને સહારો આપ્યાં છે.

જીવનની જરૂરિયાત જ્યારે ઓછામાં ઓછી અને સાદામાં સાદી હતી. ત્યારે આદિવાસીઓને જંગલોમાંથી તેમને જોઈએ તે કરતાં વધુ મળી રહેતું. આજે સ્થિતિ જુદી છે. આદિવાસીઓનો અને જંગલોનો બહારની દુનિયા સાથેનો સંબંધ વધી ગયો છે. આદિવાસીએ કેમ રહેવું અને જીવવું એ હવે એના હાથની વાત રહી નથી. બહારની દુનિયાનું એનું જ્ઞાન અને ભાન જેમ વધતું ચાલ્યું તેમ એની જીવન જરૂરિયાતો પણ વધતીજ ચાલી અને વધતીજ રહેશે અને જે જંગલો ઉપર એ એકલોજ હકદાર જેવો હતો તેમાં ભાગીદારો વધતાજ ચાલ્યા અને વધતાજ રહેશે.

મરજી પડે ત્યાં ઝાડી કાપી, બાળીએ પોતાને જરૂર પૂરતા નાગલી, કોદરા રમતાં રમતાં પકવી લેતો. એને બદલે જ્યાં આજે એ રોજરોજ આસમાને ઊછળતાભાવો કેર બહેર કોદરા મેળવવા કાળી મજૂરીના ફાંફા મારવા છતાં ફાંફાં મારવાં પડતાં હોય ત્યાં, કુદરતી જમીન ખેતી માટે સાફ કરવાથી થતાં જમીન ધોવાણનાં અનિષ્ટો એને ભાગ્યેજ સમજાય. વસ્તી વધારોતો ચાલુજ છે. એટલે ખેતી માટે જોઈતી જમીન અને રહેઠાણ માટે ઈમારતી વાંસો મેળવવા સામે જ હિલોળા લેતાં જંગલ ઉપરજ એની નજર બગડ્યા કરે ! અને ઝાડે ઝાડે રખેવાળ રાખવામાં આવે છતાં જંગલ સંરક્ષણની સમસ્યા દિન-પ્રતિદિન વિકટ બની જ રહે એમાં આશ્ચર્ય નહિ.

જંગલ વ્યવસાય એ પહોળા વિસ્તારવાળો અને લાંબા કાલચક્રવાળો કૃષિ વ્યવસાય જ છે. કૃષિ વ્યવસાય કે કોઈ પણ મોટા ઉદ્યોગની કારવાઈ માફક એની વ્યવસ્થા અને કારભારમાં જ્ઞાન વિકાસ માટે પૂરેપૂરો અવકાશ છે. આપણે ત્યાં જંગલની માલિકી મોટેભાગે રાજ્યની છે, એટલે તેની વાર્ષિક

જાવક આવક રાજ્ય આવક આધાર છે. કોઈપણ ઉદ્યોગથી સ્થાનિક વસતિને ઘણા લાભો સીધા હોય, આડકતરા હોય, સ્પષ્ટ હોય તેમજ અભિન્ન પણ હોય, જંગલની કારખાનાઓમાં સ્થાનિક પ્રજાને રોજી મળે એ સીધો અને સ્પષ્ટ લાભ જંગલ ઉત્પન્ન માફકથી કે સસ્તા દરે મળે એ બીજો સ્પષ્ટ લાભ જંગલથી સ્થાનિક હવામાન, પાણીપુરવઠો જમીન સંરક્ષણ વગેરે આડકતરા લાભો થાય, જંગલ ઉત્પન્નની પૂરી આવક મળે કે જેમાંથી કોઈ હિસ્સો મળે કે જંગલ ઉત્પન્નની વિતરણ કારખાનાઓમાંથી થતા નફાનો અમુક હક્ક કે હિસ્સો મળે એ અસ્પષ્ટ લાભો અને જંગલ ઉત્પન્નને લગતા નાના ઉદ્યોગો, ગૃહઉદ્યોગો, પશુપાલન, શિકાર સંચાલન, પર્યટન સ્થળ, વગેરે પ્રવૃત્તિઓમાંથી અનેક જાતના પરોક્ષ લાભો થાય. શિક્ષણ જ્ઞાન અનુભવ અને કાર્યકરોની સાથે સાથે જંગલ વ્યવસ્થાપનના અનેકવિધ વિકાસ માટે ચોક્કસ અવકાશ છે.

ભારત સરકારના કેન્દ્રીય રાષ્ટ્રીય કૃષિપંચની વન પેદાશો શીના ૧૯૭૩ના અહેવાલની ભલામણ મુજબ વનોને ઝડપભેર પ્રગતિ સાધતા દરેક રાજ્યમાં વન નિગમોની સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવ્યું. જે પાછળનો મુખ્ય હેતુ સ્થાનિક સાધનનો લાભ મેળવી રાજ્યના લોકોને સહાયભૂત થઈ વન સંપત્તિની વિકાસની પ્રવૃત્તિમાં વધારો કરવાનો હતો. ભારતમાં વન નિગમો વન ખાતા સાથે કડીરૂપ રહી વનખાતાની પ્રવૃત્તિઓથી વિભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓ હાથ પર લેવાની પણ દરખાસ્ત હતી. ગુજરાત રાજ્યમાં આના અનુસંધાને ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમની સ્થાપના કંપનીધારા હેઠળ ૨૦-૮-૧૯૭૬ના રોજ રૂપિયા એક કરોડની અધિકૃત મૂડીથી કરવામાં આવી. આ અધિકૃત મૂડી તબક્કાઓમાં વૃદ્ધિ થતાં આજે રૂ. ૪ કરોડની કરાય છે. જ્યારે ભરપાઈ થયેલ મૂડી રૂ.૩.૪૦ કરોડ છે. નિગમની વડી કચેરી વડોદરા ખાતે આવેલી છે.

વન નિગમ હેઠળ જુદા જુદા કાર્ય વિસ્તારમાં વન વિકાસ નિગમની પ્રવૃત્તિ હાથ ધરવા માટે ગુજરાત રાજ્યમાં જુદા જુદા પ્રોજેક્ટ ડીવીઝનો સ્થાપવામાં આવ્યા જેમાં હિંમતનગર, ગોધરા, બારીયા, છોટાઉદેપુર, રાજપીપળા, વલસાડ, વનીય ઉદ્યોગ વલસાડ, ભુજ અને રાજકોટ નો સમાવેશ થાય છે.

**હેતુ :**

(૧) વૈજ્ઞાનિક પધ્ધતિથી ગુજરાત રાજ્યમાં વન આધારીત કાચામાલ (ગૌણ પેદાશ તરીકે ઓળખાય છે) નું એકત્રીકરણ.

(૨) વન પેદાશની વિવિધ જાતોની ગુણવત્તા અને જથ્થામાં ઉત્તરોત્તર વધારો કરવો.

(૩) સંગઠીત અભિગમ વડે વન આધારીત ઉદ્યોગોનો વિકાસ કરી તેના પર નભતાં આદિવાસી કુટુંબોને વિશાળ રોજગારીની તકો ઉભી કરી તેઓની આર્થિક ઉન્નતિ અને તેઓના થઇ રહેલાં શોષણ સામે રક્ષણ.

(૪) ગૌણ વનપેદાશોના એકત્રીકરણ હોઇ ઉંચા ભાવ આપી વનવાસીઓની આર્થિક ઉન્નતી કરવા.

(૫) ગૌણ વનપેદાશ હોઇ વનવાસીઓને પર્યાપ્ત રોજગારી પૂરી પાડવી.

(૬) ગૌણ વનપેદાશના વૈજ્ઞાનિક રીતે ગુણવત્તા સુધારવા તથા પ્રક્રિયા કરવા પ્રશિક્ષણ કેન્દ્રો ઉભા કરી તાલીમ આપવી.

(૭) આદિવાસીઓની આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ઉન્નતિ માટે પ્રયત્ન કરવા.

ઉપરોક્ત હેતુઓ સિધ્ધ કરવા માટે રાજ્યમાં નવ જેટલા સ્થળોએ પ્રોજેક્ટ વિભાગોની સ્થાપના કરવામાં આવી છે.

**<u>જંગલો આદિવાસીને શું આપે છે?</u> :**

જંગલો આદિવાસીને જીવન આપ્યું છે. પ્રકૃતિનો લાભ આદિવાસીએ ભરપુર લીધો છે અને લે છે. જંગલની સાથે એને એવું જીવન વણાઇ ગયેલું છે. પણ પાછલા વર્ષોને કારણે આજે તે સખત લાચાર અવસ્થામાં આવીને ઉભો છે. એના જીવનની મોટાભાગની જરૂરિયાતો જંગલમાંથીજ મળી રહેતી હતી. ઋતુ પ્રમાણેની દરેકે દરેક જંગલની વસ્તુનો ઉપયોગ કરતાં એને આવડે છે. ફળ, ફુલ, કંદ, મૂળ, ભાજી વગેરે જંગલની વસ્તુઓનો ઉપયોગ પુષ્કળ પ્રમાણમાં કર્યો છે. સાથે સાથે શિકારના શોખીન આદિવાસીઓનો શિકાર પણ જંગલમાંથી મળી રહે તો સાથે સાથે દરેક પ્રકારના રોગો માટેની માનવ અને પશુઓ માટેની દવા પણ તે જંગલમાંથીજ મેળવી લેતો આતો એના જીવન

ઉપયોગી વાત થઈ પણ તે મેળવતો તેના વધારાનો જથ્થો તે હાટ અથવા નજીકની દુકાને વેચી અન્ય જીવન જરૂરી ચીજો પણ તે મેળવતો. આમ મોટી જરૂરિયાત સામે અઢળક સંપત્તિ કાયમ તેની નજર સમક્ષ ખડકાયેલી રહેતી આબાલ વૃદ્ધ વ્યક્તિ જંગલમાંથી કંઈ ને કંઈ ચીજો ઘરે પાછા ફરતા હોય છે. આજના આ વિકસિત સમાજે કુદરતી સંપત્તિનો ઉપયોગ કરવામાં પાછી પાની વાળી જોયું નથી અને તેનું પરિણામ નજર સમક્ષ જોઈ શકાય છે કે તેનું પ્રમાણ સતત ઘટતું રહ્યું છે. તાજેતરના આંકડા પ્રમાણે ભારતનો કુલ ભૌગોલિક વિસ્તાર ૩૨૯ લાખ હેક્ટર જેટલો છે જેમાં ૨૧ લાખ હેક્ટર જમીન જાહેર સાહસો, ઉદ્યોગોમાં વપરાયો છે. નવી નીતિમાં ૨૦૦૦ની સાલ સુધીમાં ૨ થી ૩ લાખ હેક્ટર જમીન વપરાવાનો અંદાજ છે. ભારતમાં માથાદીઠ જમીન ૦.૩૩ હેક્ટર છે. વિશ્વની સરખામણીએ ભારતનો વસતિ વધારો ૧૬ ટકા વધારે છે. ભારતમાં હાલ ૧૬૬ લાખ હેક્ટર પૈકી જમીનમાં ૧૪૧ લાખ હેક્ટર જમીન વપરાશ હેઠળ છે. આમ જમીનનો વપરાશ વધવાથી નવી જમીન તૈયાર થઈ શકતી નથી પણ જે છે તેમાં ભારણ વધે છે. અને વધારાના વપરાશ માટે જંગલોનો નાશ કરવામાં આવે છે અને જમીનનો સંપાદન કરવામાં આવે છે. જમીન ઘટી રહી હોવાના કારણે પ્રદૂષણ પણ વધે છે અને ખાસ પર્યાવરણની રીતે પણ મોટું નુકસાન થઈ રહેલું જોઈ શકાય છે. વસતિ વધવાથી નાના અને સીમાન્ત ખેડૂતોની સંખ્યા પણ વધી રહી છે. આમ જમીનનું પ્રમાણ માથાદીઠ પણ ઘટી રહ્યું છે. સાથે સાથે જંગલો પણ ઘટી રહ્યા છે. આની સાથે જેનો મુખ્ય આધાર જંગલો ઉપર છે જેમનું જીવન જંગલ સાથે ગાઢ રીતે જોડાયેલું છે એવા આદિવાસીઓના જીવન ઉપર અસર થાય તે નિર્વિવાદ વાત છે. આદિવાસી જંગલમાંથી જ પોતાની જીવન-જરૂરિયાતો તેમજ ધનવંતરી ચીજો પણ પુષ્કળ પ્રમાણમાં જંગલમાંથી મેળવતો આવ્યો છે. અને આજેય તે મેળવે છે. ત્યારે તેનું તેને વળતર મળી રહે તેનું શોષણ ન થાય પોતાનું જીવન સુખમય જીવે અને તેનો ઉત્કર્ષ થાય તે માટે રાજ્ય સરકારે વનવિકાસ નિગમની સ્થાપના કરી તેના માટે એક આવકની બારી ખોલી છે, જે તેના માટે આશીર્વાદરૂપ નિવડે તેમ છે.

આદિવાસી જંગલમાંથી જંગલોની પેદાશના ભાગરૂપે શું મેળવે છે તેની વિગતો મેળવીએ.

| ક્રમ | વસ્તુનું નામ | સ્થાનિક બજારમાં તેની કિંમત | ક્યા વિસ્તારમાં મળે છે. |
|---|---|---|---|
| ૧. | ટીમરૂપાન | ૨૨ થી ૨૫ રૂા. ૧૦૦ પુડાના | દરેક વિસ્તારમાં મળે છે. |
| ૨. | બેરડા | ૧ કિલોના ૧ રૂા. | ડાંગ, પોશીના, ધરમપુર |
| ૩. | આમળા | " ૨ રૂા. | ડાંગ,બનાસકાંઠા, સાબરકાંઠા,ધરમપુર, પંચમહાલ, ભરૂચ |
| ૪. | મધ | | |
| | (૧) મોટી મધમાખું | " ૧૫ થી ૩૦રૂા. | સાબરકાંઠા, કચ્છ |
| | (૨) નાની મધમાખું | " ૫ થી ૨૦રૂા. | છોટાઉદેપુર, ડાંગ, ધરમપુર |
| ૫. | સાદડની છાલ | ૨૦કીલો ૨.૫૦ [illegible] | ડાંગ, વલસાડ, જંગલખાતાની પરવાનગી મેળવવામાં આવે છે. |
| ૬. | સાગના બી | ચપાના ૫૦ પૈસાથી રૂા. | જંગલ ખાતાવાળા ખરીદે છે. |
| ૭. | આવળ બીજ | ૧ કીલો ૨ રૂા. | દરેક વિસ્તારમાં |
| ૮. | કરંજબીજ | " " | " " |
| ૯. | કરડાઈ બીજ | " ૧૨ રૂા. | ડાંગ |
| ૧૦. | પુંવાડબીજ | " ૫૦ પૈસાથી ૨ રૂા. મીઠાના બદલે પણ લે | દરેક વિસ્તારમાં મળે. |
| ૧૧. | ચારોળી | ૧ કીલો રૂા. ૨ થી ૩ | દરેક વિસ્તારમાં મળે. |
| ૧૨. | અરીઠા | " રૂા.૨ થી ૨.૫૦ | ડાંગ, સાબરકાંઠા |

| ક્રમ | વસ્તુનું નામ | સ્થાનિક બજારમાં તેની કિંમત | ક્યા વિસ્તારમાં મળે છે. |
|---|---|---|---|
| ૧૩. | મહુડાફૂલ | ૧ કીલોના ૩ રૂા. રોપા પ્રમાણે પણ વેચે. | સાબરકાંઠા, વડોદરા, પંચમહાલ,ડાંગ, |
| ૧૪. | ડોળી | ૧ કીલોના ૫ થી ૬ રૂા. | " " |
| ૧૫. | બેસ્તાળી | નગરીમાં જંગલખાતુ ખરીદે છે. | ડાંગ |
| ૧૬. | કુમળ જીરૂ | સેંપાના ૧૬ થી ૧૭ રૂા. વેપારી ચાખે છે. | ડાંગ |
| ૧૭. | કુમળ જીરૂ | | |
| ૧૮. | કાકડોર ગુંદર | – | ઝાડ પણા મોટા થઈ ગયા છે. |
| ૧૯. | મુસળી કાળી | ૧ કીલોના રૂા.૨૦ થી ૩૦ (લીલી વેચે છે.) | બનાસકાંઠા,સાબરકાંઠા, ડાંગમાં થાય છે પણ ભાજી તરીકે ખાવામાં વાપરે છે. |
| ૨૦. | મુસળી ધોળી | " " | " " |
| ૨૧. | કાજુનાળી | ૧ કીલોના ૪૦ રૂા. જંગલ ખાતુ ખરીદે | ડાંગ, કુંભીર વિસ્તાર |
| ૨૨. | રતનજોત | રોપાના રૂા.૬ ભાવે (રોપામાં ૩ કીલો) | દરેક વિસ્તારમાં |
| ૨૩. | બાવચી | સેંપના ૧૦ રૂા. | ડાંગ,પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા |
| ૨૪. | સપાચૌ | સ્થાનિક વેપારી ખરીદે મસાલામાં વપરાય છે. | ડાંગ |
| ૨૫. | મહુરનો ગુંદર | જંગલમાં થાય પણ ખરીદાતો નથી. | ડાંગ |
| ૨૬. | સાગડાનો ગુંદર | — | — |
| ૨૭. | શિકારીની છાલ | રંગકામમાં ઉપયોગમાં આવે છે. | ડાંગ |

| ક્રમ. | વસ્તુનું નામ | સ્થાનિક બજારમાં તેની કિંમત | ક્યા વિસ્તારમાં મળે છે. |
| --- | --- | --- | --- |
| ૨૮. | અખરોટ | પહેલા વેચતા હવે વેચતા નથી. | |
| ૨૯. | મા ભિલરીના પાન | સ્થાનિક વેપાર ૨૫ પૈસે પુડો. | દરેક જંગલમાં |
| ૩૦. | બાકુચી | રોપાના ૨૨ થી ૨૪ રૂા. કીલો સવા કીલો આવે (આયુર્વેદિકમાં વપરાય છે) | ડુંગ |
| ૩૧. | ઇંગોરા | અરકામાં કામ વપરાય છે. | '' |
| ૩૨. | ખાખરાપાન | ખરીદતા નથી | દરેક વિસ્તારમાં મળે છે. |
| ૩૩. | કેસુડા | '' | '' |
| ૩૪. | હરડે | - | સાપુતારા વિસ્તારમાં મળે |
| ૩૫. | ગુંદર (સોબર) | ૧ કીલોના રૂા.૧૦ | અનારકંઠા, સાગરકંઠા |
| ૩૬. | મોદલાનો ગુંદર | '' ૨.૫૦ થી ૩ રૂા. | પોશીના પટ્ટો |
| ૩૭. | ખાખરા ગુંદર | '' ૧.૨૫ પૈસા | હાલ ખરીદતા નથી. |
| ૩૮. | બેરનો ગુંદર | | દરેક જંગલમાં |
| ૩૯. | ઇન્દ્ર જવ | '' ૧.૨૫ પૈસા | છોટાઉદેપુર |
| ૪૦. | ચારોળી | ૧ કીલોના રૂા.૪૦ હાટે ખુલી, અનાજ આપે છે. | '' |
| ૪૧. | કવચ | ૧ કીલોના રૂા.૫ | '' |
| ૪૨. | આમલીનાબી (કચુકા) | ૧ કીલોના રૂા.૪ | '' |

| ક્રમ | વસ્તુનું નામ | સ્થાનિક બજારમાં તેની કિંમત | ક્યાં વિસ્તારમાં મળે છે. |
|---|---|---|---|
| ૪૩. | બીલા/કોઠા | ખાવામાં ઉપયોગ વેપારી લેતા નથી. | બધા જંગલમાં |
| ૪૪. | ક મુન્શી | દોઢ માસમાં સારો ભાવક મળે છે. પાન સૂકવી તેના પડા બનાવી વેચવામાં આવે છે. | છોટાઉદેપુર |
| ૪૫. | રોસા-ઘાસ | ૧ ક્વિન્ટલના ૪૦ રૂા. મળે છે. | છોટાઉદેપુર, ક્વાંટ એમ.પી.માં થાય છે. |
| ૪૬. | બોરડી લાખ | ખાખરાની લાખમાં મિશ્ર કરે છે. | દરેક જગ્યાએ મળે. |
| ૪૭. | કોસમની લાખ | સુપર ક્વોલીટીની લાખના ૧ કીલોના રૂા. ૫૦ | છોટાઉદેપુર |
| ૪૮. | કોશી | " " | |
| ૪૯. | આંબો | " રૂા.૩ | કઠિ દરેક જિલ્લામાં ડાંગ |
| ૫૦. | સતાવરી | - | |
| ૫૧. | કડવી નાઈ | ડાયાબીટીસમાં વપરાય છે. | છોટાઉદેપુર |
| ૫૨. | ટીંબોડી | - | - |
| ૫૩. | ખાખરાના | ૧ કીલો રૂા.૪૦ | દરેક વિસ્તારમાં મળે. |

આ ઉપરાંત નિગમ તેમજ વેપારીઓ દ્વારા ખરીદવામાં આવતી ચીજો એકઠી કરી વેચતા હોય છે. આદિવાસી વિસ્તારમાં હાટવાડાની પ્રથા હોવાથી એક અઠવાડીએ વેપારીઓ અને આદિવાસીઓનો સંપર્ક થાય છે ત્યારે વેપારીઓને જરૂરિ વસ્તુઓની જાહેરાત કરવામાં આવે છે અને બીજા હટવાડામાં તે વસ્તુ

ખરીદતા હોય છે. વેપારીઓ અનેક રીતે છેતરતા હોવા છતાં તત્કાલ જરૂરિયાત સંતોષવા માટે તેઓ ખાનગી વેપારીઓને ચીજો વેચતા હોય છે. વળી કેટલાક વેપારીઓ તેમને ધીરધાર પણ કરતા હોવાથી તેઓને જ વેચતા હોય છે. આમ ઉપરોક્ત ચીજો ઉપરાંતની વસ્તુઓ પણ આપતી હોય છે. આ સિવાય વનતંત્રી કેન્દ્રીકરણ માટે પણ જાણ કરવામાં આવે તો જ તેઓ લાવતા હોય છે. મોટાભાગે તેઓ પોતાના માણસો પાસે એકઠા કરાવતા હોય છે. નિગમ, એજન્ટો દ્વારા ખરીદી કરાવતું હોવા છતાં દરેક વેપારી દરેક વસ્તુ ખરીદે છે. જેની પાસે પરવાનો હોય તે વેપારી દ્વારા વેચાણ કરવામાં આવે છે. હટવાડાના વેપારીઓ ને તેઓ બજારીવાળા વેપારીઓ તરીકે ઓળખે છે. સીઝનમાં જે વસ્તુ હોય તેની ખરીદી કરવામાં આવે છે. ઘણીવાર તો એક મોટા વેપારીના ઘણાબધા એજન્ટો હોય છે તેઓ રસ્તા રોકી બેસે છે. અને આદિવાસીઓ પાસેથી થોડી થોડી વસ્તુઓ ખરીદતા હોય છે. નાના વેપારીઓ ભાવ ઊંચા બોલી ઘણા આદિવાસીઓને ઠગતા હોય છે. તોલમાં ઠગે તેને તેઓ દાંડી મારે છે તેમ કહે છે. તેઓ આ રીતે ખરીદી કરી મોટા વેપારીને વેચે છે. ઘણીવાર નાના વેપારીઓ પાસે મૂડીનો અભાવ હોય છે તેઓ મોટા વેપારી પાસેથી પૈસા ઉધાર લઈ ધંધો કરતા હોય છે. હટવાડામાં ઘણાખરા રોકડા પૈસાથી વેપાર કરવામાં આવે છે. જો કંઈ વેચવા લાવે તેને તરત જ કિંમત ગણી પૈસા આપવાના હોય છે. જેથી તે અન્ય જીવન જરૂરી ચીજો ખરીદી શકે. હટવાડામાં કરિયાણાથી માંડી અન્ય જરૂરી વસ્તુઓ ખેતીના ઓજારો, ખાદ, બકરાં, મરઘાં, બીડીપાન, શાકભાજી, કપડાં, શિકારના સાધનો ઉપરાંત ખાણી પીણી માટેની વ્યવસ્થા પણ હોય છે. જે લોકો હટવાડા દ્વારા મેળવતા હોય છે. આમ આદિવાસી વિસ્તારનો હટવાડો એ મુખ્ય બજાર છે. ત્યાં વેચાણ અને ખરીદી એમ બન્ને પ્રક્રિયા ચાલે છે. આ વેપારીઓની ઝડપ એટલી બધી હોય છે કે સામાન્ય આદિવાસી વિચારે તે પહેલાં તેના માલ તેના ઠગવા ભેગા થઈ જાય છે. તેના તોલ માપ કે ભાવની ગણતરી કરે તે પહેલાં તો ઝટ રકમ બોલે જે તેનો વેપારી પૈસા ગણી આપી દેતો હોય છે. ભાવમાં ફેર લાગે તો પણ તે વસ્તુ પાછી લઈ શકે નહીં, કારણકે તેના છુટા ઠગવા હોય છે, ત્યાં નાખ્યા પછી પોતાની વસ્તુ તેને તેટલાજ વજનવાળી પાછી મેળવી શકે નહીં

મેળવે તો પણ તેને જે કિંમત ચુકવાઈ છે તેટલુંજ વળતર મળે. બજાર ભાવ કે વજન વગેરે બાબતમાં અજાણતા અનુભવતા હોય છે. સાથે સાથે ત્યાં પોતાની ખેત પેદાશ ઉપરાંત વાડીની પેદાશ પણ જાતે લઈને કેટલાક આવે છે તેમાં તેમ કે ઢગલી પ્રમાણેના ભાવો નક્કી કરી વેચતા હોય છે. જેથી વજન પ્રમાણે નહીં આપતાં તેને નુકશાન જવા સંભવ છે. વાડીની પેદાશોમાં વિસ્તાર પ્રમાણે, પપૈયા, કેળા, લીંબુ, કેરી, કરમદાં, જાંબુ, મસાલા, મરચાં, શાકભાજી વગેરે લઈ કેટલાક આદિવાસી લોકો પણ હટવાડામાં આવતા હોય છે. આ ઉપરાંત લાવતા હોય છે. આ ઉપરાંત જંગલની ગૌણ પેદાશો પણ લાવતા હોય છે જેમાં કુકડ, પીંછ, સેગવાની ભાજી, ખુવારભાજી, વાંસલાની ભાજી, મુસળીની ભાજી, આ ઉપરાંત જંગલમાં મળતા અન્ય ફળો તેમજ ભાજીઓ ઉપરાંત ફળો જેવા કે ટીમરૂ, સિતાફળ, જાંબુ, કરમદા, વિવિધ પ્રકારના બોર પણ લાવતા હોય છે. અને તે વેચતા હોય છે. પોતાના જરૂરિયાત કરતાં વધારાની વસ્તુઓ મળે તો તે હટવાડામાં લાવી વેચી તેમાંથી જે ફદ મળે તેના બદલામાં અન્ય જીવન જરૂરિ ચીજો મેળવતા હોય છે. આ ખિાખરાના પાનના પડા બનાવી ૫૦ પૈસાથી ૧ રૂા. સુધીની કિંમતે હટવાડામાં વેચતા હોય છે. આમ વિવિધ પ્રકારની વસ્તુઓ કે જે જંગલમાં ઉપલબ્ધ છે તે લઈ હટવાડામાં આવે છે. તેના બદલામાં અન્ય વેપારીઓ પાસેથી જીવન જરૂરી ચીજો ખરીદતા હોય છે. જેમ, નદીનાળાં વચ્ચે રહેવા છતાં તેમના જરૂરીયાત ન સંતોષા-વાના કારણે હવે તો માછલી અને મટન જેવી ચીજોમાં ખરીદીનું પ્રમાણ વધતુ જોવા મળે છે. વિવિધ પ્રકારની સુકી માછલીઓ હટવાડામાં જોવા મળે છે.

હટવાડો આદિવાસી અર્થવ્યવસ્થાનું કેન્દ્ર બિંદુ છે. હટવાડો જોવાથી તેના જીવન ધોરણનો અને ખરીદ શક્તિ ઉપરાંત વેચાણ શક્તિની પારાશીશી છે. હટવાડો વિસ્તાર પ્રમાણે નાના મોટા ભરાતા હોય છે. જ્યાં વધારે વસતિ અને વેપારીઓ આવે તે મોટો હટવાડો અને ઓછી વસતિ અને વેપારીઓ આવે તે નાનો હટવાડો આના કારણે કેટલાક હટવાડાના હટવાડા સવારે ભરાય તે બપોર સુધીમાં પોતાનું કામ પતાવી પરત થઈ જતા હોય છે, જ્યારે કેટલાક હટવાડા આખા દિવસ સુધી

આવતા હોય છે જ્યાં આજુબાજુના ગામોમાંથી લોકો ખરીદવા, વેચવા આવતા હોય છે. સરકાર દ્વારા પણ બે હટવાડામાં પોતાની વિતરણ વ્યવસ્થાની સગવડ ઊભી કરવામાં આવી છે. જેમાં સસ્તી સસ્તા અનાજની દુકાન, કેરોસીન, નિગમના ખરીદી કેન્દ્રો વગેરે દ્વારા આદિવાસીઓનું શોષણ ઘટે તે હેતુ સર વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત કેટલીક જગ્યાએ તો ખરીદ વેચાણ સંઘો મારફતે પણ અનાજ ખરીદવામાં આવતું હોવાથી આદિવાસીના શોષણમાં ઘટાડો જોઈ શકાય છે. આમ છતાં શોષણમુક્ત આદિવાસી બનાવવા ઘણું કરવાનું બાકી છે. કારણકે આપણી વ્યવસ્થા એવા પ્રકારની છે કે ખરેખરી જરૂરિયાતના સમયે તેને મદદ મળે અને નિર્ભય બને તે પોતાની રજૂઆત કરે ત્યારેજ તે શોષણમાંથી મુક્ત થશે.

## પ્રકરણ – ૩

## જંગલ ગૌણ પેદાશ એકત્રીકરણની સમસ્યાઓ અને મળતા ભાવો

સામાન્ય રીતે ઓક્ટોબરથી માર્ચ સુધીનો સમયગાળો ઉત્તમ ગણવામાં આવે છે. આમ છતાં એપ્રિલ, મે માં પણ જંગલ ગૌણ પેદાશો પાકતી હોય છે એટલે કે આ સમય દરમ્યાન ખેતીના કામો પણ નહિવત હોય છે. આદિ-વાસીઓને કામની તલાશ હોય છે તેવા સમય તેમને રોજગારી મળી રહે તે ખુબજ ઉત્તમકાર્ય થઈ શકે છે, આમ છતાં દરેક કુદરતી ચીજવસ્તુઓનો સમય મર્યાદા નિશ્ચિત હોવાના કારણે તેજ સમય તેનું એકત્રીકરણ કરવામાં આવે તો આદિવાસીઓને સારો લાભ થાય તેમ હોવાથી તે સમય તેમણે વધારે સાવધાની રાખી પેદાશો ખરીદવા માટે યોગ્ય વ્યવસ્થા છેલ્લામાં છેલ્લા આદિવાસીને લાભ મળે તેમ ગોઠવાય તોજ સાચી સફળતા મેળવી શકાય. નહી તો મોટાભાગની ગૌણ પેદાશ ખાનગી વેપારીઓ મેળવી લે અથવા તો કુદરતના નિયમ પ્રમાણે તેનો નાશ થાય અને કંઈ કામ આવે નહી ઘણી વધારે જથ્થામાં ઉત્પાદન થઈ જાય ત્યારે આવક વધે અને ખાનગી વેપારીઓ તેના ભાવો એટલા નીચા લાવે કે તેનું એકત્રીકરણ કોઈ કરેજ નહી અને જંગલી જાનવર કે ઢોર, બકરા તે ખાઈ જાય અને નાશ થાય આ માટે પણ નિગમે હજુ વધારે સઘન પ્રયત્નો કરવાની જરૂર છે. જોકે ખાનગી વેપારીઓ સ્વતંત્ર છે, જ્યારે નિગમે પોતાની મર્યાદામાં રહી કામ કરવાનું હોવાથી તેમને પણ ખુલ્લા માર્કેટના ગળાકાપ પ્રશ્નો નડે તેમ છતાં પ્રશિક્ષણ આપી વધારેમાં વધારે ગુણવત્તાવાળા જંગલ ગૌણ પેદાશ એકત્ર કરવામાં આવે તો ક્યારેય નુકશાની ભોગવવી પડે નહી પણ તે માટે સતત જાગૃત રહેવાની જરૂરિયાત છે. નિગમ નિષ્ઠાથી કામ કરેજ છે તેમ છતાં ખાનગી વેપારીઓ જે રીતે બજાર ઉપર હાવી રહે છે તે જોતાં ખુબજ મુશ્કેલ કામ કરે છે તેમ છતાં અશક્ય તો નથીજ. ઘણા વિસ્તારના આદિવાસી કુટુંબોની મુલાકાત દરમ્યાન એવું જાણવા મળે છે કે આમળા, બહેડા, પુવાડ-બીજ, ખાખરાપાન, ફુલ, અરીઠા, રતનજોત, કરંજબીજ વગેરે પ્રમાણમાં થાય છે. પણ નિગમ ખરીદતુ નથી ત્યારે ખાનગી વેપારીઓ પણ ખુબ ઓછા ભાવે ખરીદે છે. અથવા ખરીદતા પણ નથી હોતા ત્યારે તેવી વસ્તુઓ

મીઠાના ભાવે અથવા નજીવી કિંમતે ખાનગી વેપારીને વેચી દેતા હોય છે. બીજી મહત્વની વાત એ છે કે એના ઉત્પાદનની સમયમર્યાદા હોય છે તે સમયમાં તે એકત્રિત કરવામાં ન આવે તો બગાડ થવું તેમ તેનો નાશ થાય છે. ગૌણ વન પેદાશના ઉત્પાદન સમયગાળો જોઈએ તો ખ્યાલ આવશે કે તે સમય દરમ્યાન પુરતી મુદત ગ્રામજનો ભોગવાય તો આવક ભારે થાય તેમ છે. કેટલીક ગૌણ વન પેદાશો સવિશેષ મળે તે સમય નીચે પ્રમાણે કહી શકાય.

| ક્રમ | પેદાશોનું નામ | મળવાનો સમય ગાળો |
|---|---|---|
| ૧. | મહુડાફૂલ | ફાગણ, ચૈત્ર માસમાં |
| ૨. | ડોળી | વૈશાખ- જેઠ માસ સુધી |
| ૩. | ટીમરૂપાન | મે, જૂનમાં નવાપાન આવે ત્યારે એકાદમાસ સિઝન ચાલે છે. |
| ૪. | મધ | ચૈત્ર, વૈશાખ માસમાં સવિશેષ મળે છે. કારવા ઝાડને ફૂલ આવે તે વખતે મધ પુષ્કળ મળે તેવી માન્યતા છે. |
| ૫. | આમળા | માગશર, પોષ માસમાં |
| ૬. | બહેડા | કાર્તક, માગશરમાં મળે. |
| ૭. | અરીઠા | ઓક્ટોબર, નવેમ્બર |
| ૮. | મુસળી | અષાઢ, શ્રાવણ ભાજી મળે કારતકમાં પાકી મુસળી મળે. |
| ૯. | પુવાર બી | આસો માસમાં મળે. |
| ૧૦. | રતન જોત | આસો, કારતકમાં મળે. |
| ૧૧. | આંબી બી | મે, જૂનમાં મળે. |
| ૧૨. | કેસુડા | ફાગણ માસમાં મળે. |
| ૧૩. | વિવિધ ગુંદરો | વૈશાખ, જેઠ માસમાં મળે. |
| ૧૪. | ઝાડ ગીરૂ | આસો માસમાં મળે તેને ગુજરી રૂ પણ કહે છે. ૨૫ થી ૩૦ બોરીની આવક ઉતારામાં થાય છે. (સુધી ૨૬ કિ) |

| ક્રમ | પેદાશોનું નામ | મળવાનો સમયગાળો |
|---|---|---|
| ૧૫. | મહુ બી | મે, જૂનમાં મળે |
| ૧૬. | ચારોળી | આસો માસમાં મળે. |
| ૧૭. | વિવિધ ફળ | એપ્રિલ, મે માં મળે. |
| ૧૮. | રોશા ઘાસ | આસો માસ |

ઉપરોક્ત ગૌણવન પેદાશોનો સમયગાળો જોતાં જણાય છે કે આસોથી મે, જૂન સુધી કોઈને કોઈ પેદાશ મળતી જ રહે છે. એટલે કે ચોમાસાનો સમયગાળો બાદ કરતાં કોઈ ને કોઈ પેદાશ વત્તાઓછા પ્રમાણમાં મળતી જ રહે છે. વરસાદના સમયમાં આદિવાસીઓ પોતાના માટે વિવિધ પ્રકારની ભાજીઓ મેળવે છે. જેનો ઉપયોગ ખોરાક તરીકે કરે છે. કંદમૂળો પણ મળે છે. આમ જંગલ સાથે તેમનો સતત નાતો જોઈ શકાય છે. જંગલની પેદાશો એકત્ર કરવાનું કામ મોટાભાગે આર્થિક રીતે નબળા આદિવાસીઓ વધારે કરતા હોય છે. જેમની પાસે આવકનાં સાધનો છે તેઓ તેનો નહિવત ઉપયોગ કરતા હોય છે. જ્યારે બીજામાં એટલે કે જ્યારે આવક મળતી હોય તેવી પેદાશો દરેક કુટુંબ કરતું હોય છે. જ્યારે માલિકી હક્ક ધરાવતા કુટુંબો તેનો ઉપયોગ કરતા હોય તેમ જોઈ શકાય છે. જંગલની જમીનમાં જે વસ્તુ મળતી હોય તે કોઈપણ વ્યક્તિ એકત્રિત કરી શકે છે, જ્યારે માલિકી સર્વે નંબરની ચીજ જે તે માલિકનો હક્ક રહેતો હોય છે.

બીજી મહત્વની વાત એ છે કે વિસ્તાર પ્રમાણે ઉત્પાદનમાં વધારો ઘટાડો જોવા મળે છે. એટલે કે જંગલના દરેક ભાગમાં દરેક વસ્તુનું ઉત્પાદન થતું નથી પણ અમુક જંગલમાં અમુક વસ્તુનું ઉત્પાદન વિશેષ જોવા મળે છે. આવા સંજોગોમાં ત્યાં ઘનિષ્ઠ વ્યવસ્થા ગોઠવવી જોઈએ અને તે એકત્રીત કરવા માટે પ્રોત્સાહન પણ મળવું જોઈએ. દા.ત. ગુંદર અને મૂસળી દાંતા, પોશીના, ખેડામાં પુષ્કળ થાય છે. તો ત્યાંથી વધારે ગુણવત્તાવાળી અને વધારે જથ્થામાં મળે તે માટે પ્રયત્ન કરવા જોઈએ. એજ રીતે

છોટાઉદેપુરમાં હાથ અને મહુડાના ફૂલ, ડોળીની સારી પુષ્કળ મળે તેમ છે તેજ રીતે ડાંગમાં આમળા, બેહડા, ટીમરૂપાન અને ચારોળી પુષ્કળ પ્રમાણમાં મળે છે. પંચમહાલમાં આમળા, વધારે સારા મળે છે. લગભગ દરેક વિસ્તારમાં વત્તાઓછા પ્રમાણમાં ગૌણવન પેદાશ મળતીજ હોય છે. તે ખાનગી વેપારીઓ કે આદિવાસીઓ બહાર ન વેચે અને નિગમને વેચે તે માટે હજુ પણ સઘન કાર્યક્રમ કરવામાં આવે તો ખૂબ સારૂ પરિણામ આવે તેમ છે. નિગમે ખૂબ સારી પ્રવૃત્તિ હાથ ધરીજ છે. દર વર્ષે ભાવો પણ નક્કી કરવામાં આવે છે. તેમના ડીવીઝન પ્રોજેક્ટ કેન્દ્રો પેટા કેન્દ્રો તેમજ ખરીદી કેન્દ્રો દ્વારા પ્રયત્ન કરવામાં આવે છે. તે આદિવાસીના કલ્યાણ માટે ટ્રેનીંગ, કલ્યાણ કેન્દ્રો, નર્સરી વગેરે દ્વારા રોપા ઉછેરની કામગીરી હાથ ધરવામાં આવી છે. તે ખૂબ સારી પ્રવૃત્તિ છે. પણ હવે જથ્થો નહી પણ ક્વોલીટીના ધોરણો ઉપર વધારે ભાર મૂકવો જોઈએ અને તેના માટે સતત પ્રશિક્ષણની ગોઠવણ હોવી જોઈએ. નિગમની પ્રવૃત્તિ વિષે ઘણાઓછા આદિવાસીઓને જાણકારી છે. તેમજ જેમ ટીમરૂપાન માટેનું નેટવર્ક વેપારીઓ દ્વારા ગોઠવાય છે તેની જાણ દરેક આદિવાસીને છે, તેમ અન્ય પેદાશો માટેની પણ જાણકારી તેમને હોવી જોઈએ.

## ગુજરાત વનવિકાસ દ્વારા ગુજરાતમાં મળતા ભાવો

### વર્ષવાર ગુજરાતમાં મળેલ ભાવો

| ક્રમ | ગૌણ વનપેદાશનું નામ | ૧૯૭૬ | ૧૯૭૮ | ૧૯૮૦ | ૧૯૮૨ | ૧૯૮૪ | ૧૯૮૬ | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | ભાવ વધારો ગણો. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ટીમરૂપાન (રૂ/૧-કરબોરા) | ૧૨.૫૦ | ૨૦.૦૦ | ૨૫.૦૦ | ૪૫.૦૦ | ૬૦.૦૦ | ૮૦.૦૦ | ૧૧૦.૦૦ | ૨૦૦.૦૦ | ૨૧૦.૦૦ | ૨૨૫.૦૦ | ૧૮. |
| ૨. | મહુડાફૂલ રૂ. (ક્વિ-ટલ) | ૨૦ | ૩૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૫૦.૦૦ | ૧૬૦.૦૦ | ૧૭૫.૦૦થી ૨૭૫.૦૦ | ૨૮૦.૦૦થી ૨૨૫.૦૦ | ૨૦૦.૦૦ | ૨૩૦.૦૦ | ૧૧.૫ |
| ૩. | ડોળી (ક્વિ-ટલ) | ૧૫૦.૦૦ | ૧૭૫.૦૦ | ૨૫૦.૦૦ | ૨૫૦.૦૦ | ૪૦૦.૦૦થી ૪૫૦.૦૦ | ૩૫૦.૦૦ ૪૦૦.૦૦ | ૬૩૦.૦૦ ૪૪૦.૦૦થી ૫૫૦.૦૦ | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦થી ૬૫૦.૦૦ | ૬૫૦.૦૦ | ૪. |
| ૪. | કાકડાછાલ (ક્વિ-ટલ) | ૫.૦૦ | - | ૭.૫૦ | ૧૦.૦૦ | ૧૪.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૪. |
| ૫. | પુવાડબીજ (ક્વિ-ટલ) | ૨૫.૦૦ | - | ૬૦.૦૦ | ૩૦.૦૦ | ૪૫.૦૦ | ૫૫.૦૦ | ૪૦.૦૦થી ૬૦.૦૦ | ૭૫.૦૦ | ૨૦૦.૦૦થી ૨૨૫.૦૦ | ૭૦.૦૦ | ૨.૮ |

ઉપરોક્ત પ્રાઇસલિસ્ટના આંકડા ઉપરથી જોઇ શકાય છે કે નિગમની સ્થાપના પછી ઉત્તરોત્તર ભાવો વધેલા જોઇ શકાય છે. ૯૨ વર્ષે ભાવો રિવાઇઝ કરવામાં આવ્યા છે જેના કારણે આદિવાસીઓને જેના મહેનતાણા માં વધારો જોઇ શકાય છે. જોકે મજૂરી વગે તેની સરખામણીમાં તેમને ભાવો આપવા જોઇએ ત્યારે આગે ખાનગી વેપારીઓ પણ તેમને નિગમે નક્કી કરેલા ભાવોથી ઓછા ભાવો ન આપી શકે. આમ પણ આદિવાસીનું શોષણ અટકાવી શકવાનું મહત્વનું કામ થઇ શક્યું કહેવાય. છેલ્લા પાંચ વર્ષથી ૯૨ વર્ષે ભાવ સમિતિ દ્વારા જે ભાવો નક્કી કરવામાં આવે તે ભાવો આપવામાં આવે છે. અન્ય વન પેદાશોના છેલ્લા પાંચ વર્ષના આંકડા જોઇએ તો પણ ઘણો મોટા ભાવ વધારો થયેલો જોઇ શકાય છે.

રાજ્યમાં આશરે ૧ લાખ જેટલી આદિવાસીઓ આ ગૌણ વન પેદાશોના એકત્રીકરણના કામગીરીમાં રોકાયેલા છે. અને ૧૯૯૨-૯૩ના વર્ષે આદિવાસીઓને ચૂકવાયેલ રકમ અને માનવદિનની વિગતો આશરે નીચે પ્રમાણે છે.

| અ.નં. | ગૌણવન પેદાશનું નામ | આદિવાસીઓને ચૂકવાયેલ રકમ(લાખમાં રૂ.) | માનવદિન (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧. | ટીમરૂપાન | ૬૦૭.૫૫ | ૩૦.૫૦ |
| ૨. | મહુડાફૂલ | ૭૪.૦૦ | ૪.૬૪ |
| ૩. | ડોળી | ૨૩.૬૫ | ૧.૬૦ |
| ૪. | ગુંદરો | ૬૩.૬૦ | ૪.૨૫ |
| ૫. | અન્ય ગૌણ પેદાશ | ૫૫.૮૦ | ૩.૭૨ |
| | કુલ | ૮૨૫.૨૦ | ૫૫.૦૦ |

ઉપરોક્ત ચૂકવાયેલ રકમ જોઇએ તો ૫૫ લાખ માનવદિન રોજગારી આપી ૮૨૫.૨૦ લાખ રૂપિયાની રોજગારી ચૂકવી નિગમની કામગીરી ખૂબ પ્રશંસાપાત્ર કહી શકાય. કારણકે નિગમે આદિવાસીઓને જેના સગાય રોજગારી

મળી છે, જ્યારે તેમની પાસે કોઈ કામ નથી. વળી સ્થાનિક રોજગારી મળી તેમનું સ્થળાંતર પણ અટકાવી શકાય તેમને સરેરાશ ૧૫.૦૦ રૂ.ની રોજગારી મળી છે તે પોતાના કામના સમયમાં અથવા તો ફુરસદ સમયે તેને પુરક આવક મેળવી આપી છે તેમ કહી શકાય.

<u>જંગલ ગૌણ પેદાશ એકત્રીકરણના ઠેકાના પાંચ વર્ષનું આવકપત્રક</u>

| ક્રમ | જંગલ ગૌણ પેદાશનું નામ | વર્ષ ૧૯૮૯ | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ટીમરૂપાન (૨૮-૩૨ પોલ) | ૮૦ | ૧૧૦ | ૨૦૦ | ૨૧૦ | ૨૨૫ | |
| ૨. | મહુડાફૂલ | ૧૪૦ | ૧૫૫થી ૨૧૫ | ૧૦૦થી ૨૨૫ | ૨૦૦ | ૨૩૦ | |
| ૩. | મહુડાડોળી-વડિયા | ૩૫૦ | ૪૦૦થી ૪૩૦ | ૪૩૦ | ૪૫૦થી ૬૦૦ | ૬૦૦ | |
| | બીજા પ્રોજેક્ટોમાં | ૪૦૦ | ૪૪૦થી ૫૫૦ | ૫૦૦ | ૫૦૦થી ૬૫૦ | ૬૫૦ | |
| ૪. | કડીયા ગુંદર એ ગ્રેડ | ૨૨૦૦ | ૨૫૦૦થી ૩૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | |
| | બી ગ્રેડ | ૧૪૦૦થી ૨૦૦૦ | ૧૦૦૦થી ૨૨૦૦ | ૧૮૦૦થી ૨૨૦૦ | ૨૬૦૦ | ૨૬૦૦ | |
| | થર્ડ ગ્રેડ | ૧૪૦૦થી ૧૬૦૦ | - | - | ૨૦૦૦ | ૧૮૦૦ | |
| ૫. | બાવળા ગુંદર | ૧૦૦૦ | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૪૦૦ | ૧૪૦૦થી ૨૫૦૦ | ૨૩૫૨ |
| ૬. | ખાખર ગુંદર બેડા | ૧૩૦૦ | ૧૫૦૦ | ૧૫૦૦ | ૧૫૦૦ | ૧૫૦૦ | |
| | " રીબ્લીયા | - | ૧૮૦૦ | ૧૮૦૦ | ૧૮૦૦ | ૧૮૦૦ | |
| | " સી ગ્રેડ | ૯૫૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | |
| | " ગુપર | - | - | - | - | ૨૫૦૦ | |
| ૭. | મોઇના ગુંદર | ૧૬૦ | ૧૬૦ | ૧૬૦ | ૨૦૦ | ૨૦૦ | |
| ૮. | સાલમ | ૯૫૦થી ૧૦૦૦ | ૧૨૫૦થી ૧૫૦૦થી ૧૨૫૦ | ૧૨૫૦ | ૧૨૫૦ | ૧૩૦૦થી ૧૫૦૦ | |

| ક્રમ | કામ રોજ પેદાશનું નામ | વર્ષ | | | | | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૯ | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | |
| ૯. | કુવા-ગ્રેડ-૧ | ૨૬૦૦ | ૨૬૦૦થી | ૨૮૦૦થી ૩૦૦૦ | ૩૫૦૦થી ૪૦૦૦ | ૪૫૦૦ | |
| | " ગ્રેડ-૨ | ૧૨૦૦ | ૧૭૦૦ | ૨૨૦૦થી ૨૫૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | |
| | " ગ્રેડ-૩ | ૮૦૦ | ૮૦૦ | ૧૦૦૦થી ૧૨૦૦ | ૧૧૦૦ | ૧૨૦૦ | |
| | " સુપરગ્રેડ | – | – | – | – | ૫૦૦૦ | |
| ૧૦. | ગાંડા બાવળની ગુંદર ગ્રેડ-૧ | ૬૦૦ | ૧૦૦૦થી ૧૨૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦થી ૬૦૦ | ૭૦૦ | |
| | " ગ્રેડ-૨ | ૭૫૦થી ૮૦૦ | ૬૦૦થી ૧૦૦૦ | ૬૦૦થી ૬૦૦ | ૮૦૦થી | ૫૫૦ | |
| | " સુપરગ્રેડ | – | – | – | – | ૧૫૫૦ | |
| ૧૧. | ગોરદ(ગોદવા)ગુંદર | ૧૫૦૦ | ૧૫૦૦ | ૧૨૦૦થી ૧૫૦૦ | ૧૫૦૦ | ૨૦૦૦ | |
| ૧૨. | ખેરી ગુંદર | ૧૬૦૦ | ૧૬૦૦ | ૧૬૦૦ | ૧૬૦૦ | ૧૬૦૦ | |
| | સુપર ગ્રેડ | – | – | – | – | ૨૫૦૦ | |
| ૧૩. | ધાવડા ગુંદર | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૪૦૦ | |
| ૧૪. | ગુવાર બી | ૫૫ | ૪૦થી ૬૦ | ૭૫ | ૧૦૦થી ૧૨૫ | ૭૦ | |
| ૧૫. | ચામડા | ૫૦ | ૩૦૦ | ૩૫૦ | ૫૦૦ | ૬૦૦ | |
| | ચામડા સુપરગ્રેડ | – | – | – | – | ૬૦૦ | |
| | " ટીકા | – | ૫૦ | ૧૦૦ | ૨૦૦ | ૨૦૦ | |
| ૧૬. | ગુગળી ગ્રેડ-૧ | ૫૬૦૦ | ૭૧૦૦થી ૧૨૫૦૦ | ૧૨૫૦૦થી ૧૭૫૦૦ | ૧૭૫૦૦થી ૨૨૫૦૦ | ૨૨૫૦૦ | |
| | " ગ્રેડ-૨ | ૩૧૦૦ | ૪૫૦૦થી ૮૦૦૦ | ૮૦૦૦થી ૧૧૦૦૦ | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ | |
| | " ગ્રેડ-૩ | ૨૦૦૦ | ૩૫૦૦થી ૬૦૦૦ | ૬૦૦૦થી ૮૫૦૦ | ૮૫૦૦ | ૮૫૦૦ | |
| | " સુપરગ્રેડ | – | – | – | – | ૨૫૦૦૦ | |

| ક્રમ | જમીન ચીજ વેચાણનું નામ | વર્ષ | | | | | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૯ | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | |
| ૧૭. | ચારોળી | ૪૫૦૦ | ૬૦૦૦થી ૬૫૦૦ | ૬૫૦૦ | ૬૫૦૦થી ૮૦૦૦ | ૮૦૦૦ | |
| | " ગુપચ્છેડ | - | - | - | - | ૧૦૦૦૦ | |
| ૧૮. | મધ | ૧૫૦૦ | ૧૫૦૦થી ૬૦૦ | ૬૦૦થી ૧૧૦૦ | ૧૧૦૦થી ૧૩૦૦ | ૧૫૦૦થી ૧૦૦૦ | |
| ૧૯. | કરંજી | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૩૦૦ | |
| ૨૦. | રોશાઘાસ | ૨૫ | ૨૫થી ૩૦ | ૨૫ | ૨૫ | ૩૦ | |
| ૨૧. | અરીઠા | ૩૦૦ | ૨૫૦ | ૨૫૦ | ૪૦૦થી ૪૫૦ | ૫૦૦ | |
| | " ગુપચ્છેડ | - | - | - | - | ૮૦૦ | |
| ૨૨. | હરડે | ૩૦૦ | ૧૨૦થી ૨૫૦ | ૨૫૦ | ૨૫૦થી ૨૦૦ | ૩૮૦ | |
| | હરડે ગુપર | - | - | - | - | ૩૦૦ | |
| ૨૩. | બેહડા | ૨૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૨૦૦ | |
| ૨૪. | વાંસકોલ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | |
| ૨૫. | ઈ-ફળ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૬૦૦ | ૭૦૦ | |
| ૨૬. | મીણ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૩૦૦૦ | |
| ૨૭. | આમજોલ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૫૦૦ | ૬૦૦ | |
| ૨૮. | મહુડાની છાલ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૫૦ | ૩૦૦ | |
| ૨૯. | " ચાંદ | ૪૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૫૦૦ | ૬૦૦ | |
| ૩૦. | વાંસડા ધી | ૭૫ | ૭૫ | ૭૫ | ૭૫થી ૧૦૦ | ૧૦૦ | |
| ૩૧. | દારૂડી | ૨૫૦ | ૨૫૦ | ૨૫૦ | ૩૦૦ | ૪૦૦ | |
| ૩૨. | ધાવડી ધી | ૬૫૦૦ | ૬૫૦૦ | ૬૫૦૦ | ૭૫૦૦ | ૭૫૦૦ | |
| ૩૩. | કુંડા | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૩૦૦ | |

| ક્રમ | જંગલ ગૌણ પેદાશનું નામ | વર્ષ | | | | | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૯ | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | |
| ૩૪. | કુમઠ બી | ૫૦૦ | ૫૦૦ | ૨૫૦થી ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | |
| ૩૫. | ગીંગોડ | ૪૪૦ | ૪૪૦ | ૪૪૦ | ૪૪૦ | ૪૪૦ | |
| ૩૬. | ડોલમ વાંસ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૧૦૦ | |
| ૩૭. | પીલુ બી | ૧૨૫ | ૧૨૫ | ૧૨૫ | ૧૨૫ | ૨૦૦ | |
| ૩૮. | ખાખરા વાંસ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૬૦૦ | |
| ૩૯. | ખાખરાપાન (૨૮૦-૩૨ પેક) | ૬૦ | ૬૫થી ૭૦ | ૭૦ | ૧૦૦ | ૧૩૦ | |
| ૪૦. | કેસુડાં ફૂલ | ૯૦ | ૩૦૦થી ૧૫૦ | ૯૦થી ૧૫૦ | ૧૫૦ | ૯૦ | |
| ૪૧. | ગરિયાળવા બી | ૪૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | |
| ૪૨. | ચાકિંગરા પાન | - | - | - | ૧૫૦ | ૨૫૦ | |

<u>ધનવંતરી જંગલ ગૌણ પેદાશ :</u>

| ક્રમ | જંગલ ગૌણ પેદાશનું નામ | ૧૯૮૯ | ૧૯૯૦ | ૧૯૯૧ | ૧૯૯૨ | ૧૯૯૩ | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|---|
| ૪૩. | ગળો | - | - | - | ૫૦૦ | ૫૦૦ | |
| ૪૪. | માલકાંકણી | - | - | - | ૧૦૦૦ | ૧૦૦૦ | |
| ૪૫. | સુંવવાસ | - | - | - | ૪૦૦ | ૪૦૦ | |
| ૪૬. | અરડુસી | - | - | - | ૩૦૦ | ૩૦૦ | |
| ૪૭. | રતવાન (શીકાટીયો) | - | - | - | ૬૦૦ | ૬૦૦ | |
| ૪૮. | પીપળન | - | - | - | ૬૦૦ | ૬૦૦ | |
| ૪૯. | શતાવરી | - | - | - | ૧૦૦૦ | ૧૦૦૦ | |
| ૫૦. | ચિત્રક | - | - | - | ૫૦૦ | ૫૦૦ | |
| ૫૧. | કુટાજમાડી(કુડો) | - | - | - | ૪૦૦ | ૪૦૦ | |
| ૫૨. | મામેજવો | - | - | - | ૪૦૦ | ૪૦૦ | |
| ૫૩. | ધામણો | - | - | - | ૪૦૦ | ૪૦૦ | |
| ૫૪. | ગોખરુ | - | - | - | ૭૦૦ | ૭૦૦ | |
| ૫૫. | કેમુકની | - | - | - | ૭૦૦ | ૭૦૦ | |

## પ્રકરણ - ૪

## અભ્યાસમાં સમાવેલ કુટુંબોની વિસ્તૃત માહિતી

પ્રસ્તુત અભ્યાસમાં સઘન વન અને સઘન આદિવાસી વસતિ ધરાવતા વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમજ સ્થાનિક એજન્ટો તથા પ્રોજેક્ટ ઓફીસોનો સંપર્ક કરી માહિતી મેળવવામાં આવી હતી. આમ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ આવરી શકાય તે હેતુસર વડોદરા, સાબરકાંઠા, બનાસકાંઠા, ડાંગ અને વલસાડ જિલ્લાના ૩૨૧ જેટલા ગૌણ વનપેદાશ એકત્રિત કરતા કુટુંબોનો વ્યક્તિગત સંપર્ક સાધી તેમના કુટુંબ પત્રકો ભર્યા હતા સાથે સાથે અન્ય જરૂરી માહિતી મેળવી હતી. પાંચ પસંદ કરેલ જિલ્લાનો જંગલ વિસ્તાર અને આદિવાસી વસતિનો ખ્યાલ મેળવીએ.

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ ભૌગોલિક વિસ્તાર ચો.કિ. | જંગલ વિસ્તાર ચો.કિ. | કુલ વસતિ | આદિવાસી વસતી | આદિવાસી વસતિ ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | બનાસકાંઠા | ૧૨૭૦૩ | ૧૪૫૭.૧૦ | ૧૬૧૭૯૧૪ | ૧૧૧૯૩૬ | ૦૬.૯૧ |
| ૨. | સાબરકાંઠા | ૭૩૯૦ | ૧૨૫૮.૦૮ | ૧૫૦૨૨૮૪ | ૨૫૧૧૨૭ | ૧૬.૭૩ |
| ૩. | વડોદરા | ૭૭૯૪ | ૮૨૬.૭૮ | ૨૫૫૮૦૯૨ | ૬૪૮૭૭૩ | ૨૫.૩૫ |
| ૪. | વલસાડ | ૫૨૪૪ | ૧૨૪૯.૫૦ | ૧૭૭૪૧૩૬ | ૯૬૮૫૧૮ | ૫૪.૫૯ |
| ૫. | ડાંગ | ૧૭૬૪ | ૧૬૯૮.૫૬ | ૧૧૩૬૬૪ | ૧૦૪૯૧૮ | ૯૨.૩૧ |

ઉપરોક્ત આંકડાના આધારે કહી શકાય કે ઓછી આદિવાસી વસતિ ધરાવતા અને સૌથી વધુ વસતિ ધરાવતા તેમજ વિસ્તારને ધ્યાનમાં લઈ એનો કુલ ભૌગોલિક વિસ્તારમાં બનાસકાંઠા ૧૧.૪૭, સાબરકાંઠા ૧૬.૬૩, વડોદરા ૧૦.૧૯, વલસાડ ૨૩.૮૬ અને ડાંગમાં ૯૬.૨૯ ટકા વિસ્તાર જંગલ વિસ્તારનો સમાવેશ થાય છે. આમ સઘન વસતિ ધરાવતા આઠ જિલ્લામાંથી પાંચ જિલ્લાનું ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું.

અભ્યાસમાં પસંદ તાલુકા અને ગામોની યાદી નીચે પ્રમાણે છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ |
|---|---|---|---|
| ૧. | બનાસકાંઠા | દાંતા | (૧) સેંબલ પાણી<br>(૨) પાડલીયા |
| ૨. | સાબરકાંઠા | ખેડબ્રહ્મા (પોશીના પટ્ટો) | (૧) ગોળવી<br>(૨) ગીંગાટ<br>(૩) ક્ષત્રાવડ<br>(૪) વણઝાડી<br>(૫) સાબેરા<br>(૬) મામાપીપળા |
| ૩. | વડોદરા | છોટાઉદેપુર | (૧) દેવહાટ<br>(૨) મોટી સઢલી<br>(૩) પાડલવા<br>(૪) ઓઝ<br>(૫) ખત્રા |
| ૪. | વલસાડ | વાંસદા | (૧) માનકુનિયા<br>(૨) ધાકમાળ<br>(૩) મહુવાસ<br>(૪) તાડપાડા |
| ૫. | ડાંગ | આહવા | (૧) ગરજ<br>(૨) ચિખલા<br>(૩) હિંગી અહિવા<br>(૪) સાવડના ઝાડ<br>(૫) કેળબાણ<br>(૬) કુમીર<br>(૭) નાના અહિવા<br>(૮) કુમરડા<br>(૯) નાનાપાડા<br>(૧૦) વણિક<br>(૧૧) બારીપાડા |

ઉપરોક્ત ગામોમાં વસવાટ કરતા આદિવાસી કુટુંબોમાં કઈ જાતિના કુટુંબો સવિશેષ જંગલોની પેદાશ મેળવીને કરે છે તે જોઈએ. ખાસ કરી કે વિસ્તારમાં કે જાતિના લોકો વસવાટ કરે છે. તેઓમાં આર્થિક રીતે

નબળા કુટુંબો ફક્ત ગૌણ પેદાશ એકત્રીકરણનું કામ વધારે કરતા હોય છે. તેમ છતાં સીઝન પુરે ત્યારે એટલે કે ટીમરૂપાન, મહુડા, ડોળી વગેરેનો લગભગ બધાજ કુટુંબો આ કામગીરીમાં રોકાય છે.

| | | |
|---|---|---|
| ૧. | ડુંગરીભીલ/ગરાસિયા | ૭૫ |
| ૨. | રાઠવા | ૨૪ |
| ૩. | ધાનકા | ૨ |
| ૪. | નાયક | ૨ |
| ૫. | કોકણી | ૨૮ |
| ૬. | ગામીત | ૬ |
| ૭. | વારલી | ૧ |
| ૮. | કોલચા | ૩ |
| | કુલ.. | ૧૪૧ |

કેન્દ્રના ચાલતા સરકારી કર્મચારી વર્ગ-૨ના અધિકારીઓના તાલીમ વર્ગ દરમ્યાન બે દિવસના ક્ષેત્રકાર્યના ભાગરૂપે ખેડબ્રહ્મા તાલુકાના પોશીના પરાના બે ગામોમાં ગીઝાટ અને આંજણી ગામમાંથી જંગલગૌણ પેદાશ એકત્રીત કરતા કુટુંબોનો સમાવેશ પણ આ અહેવાલમાં કરવામાં આવ્યો હોવા ડુંગરીભીલ/ ગરાસિયાના કુટુંબોની સંખ્યા વિશેષ જોવા મળે છે. આમ ઉપરોક્ત જાતિના કુટુંબોની વ્યક્તિગત મુલાકાત લઈ તેમના કુટુંબ વડાઓ સાથે અન્ય જરૂરી માહિતી એકઠી કરી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. જાતિને ધ્યાનમાં રાખવા કરતાં વિસ્તારમાંથી એકત્રીત કરતા કુટુંબો અને માત્રા ભાવો ઉપર વધારે ધ્યાન આપવામાં આવ્યું હતું. જંગલ ગૌણ પેદાશ એકત્રીત કરતા જુદા જુદા વિસ્તારના ૧૪૫ કુટુંબોનો સર્વે કરવામાં આવ્યો હતો. આ કુટુંબોનો મુખ્ય અને ગૌણ વ્યવસાય કેવા પ્રકારના છે તે નીચેના કોઠા દ્વારા જોઈએ.

## મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | ખેતી | ટક ડ્રાઈવર | મજૂરી | ઢોર ચારવાનો | નોકરી | વેપાર |
|---|---|---|---|---|---|---|
| ૧૪૧ | ૧૧૭ | ૧ | ૧૮ | ૨ | ૨ | ૧ |
| ટકા | ૮૨.૯૮ | ૦.૭ | ૧૨.૭૭ | ૧.૪૨ | ૧.૪૨ | ૦.૭ |

## ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો

| મજૂરી | પશુપાલન | જંગલ ગૌણપેદાશ એકત્રિકરણ | વેપાર | મધ્યાહ્ન ભોજન યોજના | સુથારી |
|---|---|---|---|---|---|
| ૭૭ | ૩૨ | ૧૪૧ | ૩ | ૧ | ૧ |

ઉપરોક્ત વ્યવસાય દર્શાવતા કોઠા દ્વારા જોઈ શકાય છે કે મોટા ભાગના કુટુંબો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. જ્યારે બીજા નંબરે મજૂરી કરતા કુટુંબો જોઈ શકાય છે. જમીન ઓછી અથવા બીન પિયત, ખડકાળ અને આકાશી ખેતી હોવાના કારણે ગૌણ વ્યવસાય કરવો પડતો હોય તેવા કુટુંબો પણ જોઈ શકાય છે. જેમાં જંગલ ગૌણ પેદાશ એકત્રીકરણ ૧૦૦ ટકા કુટુંબો છે. જ્યારે મજૂરી અને પશુપાલન કરતા કુટુંબો બીજા નંબરે જોઈ શકાય છે. આમ ઉપરોક્ત મુખ્ય અને ગૌણ વ્યવસાય દર્શાવતા કોઠાઓમાં જોઈ શકાય છે કે દરેક કુટુંબે એક કરતાં વધારે વ્યવસાય કરવો પડતો હોય છે. નોકરી કરતા કુટુંબો સ્થાનિક આશ્રમ શાળા કે પંચાયતમાં નોકરી કરતા જોવા મળતા હતા. જ્યારે વેપાર કરતા કુટુંબો જીવનજરૂરી કરીયાણાની નાની દુકાન પોતાના ઘરમાં કે હટવાડામાં ચલાવતા હતા. જ્યારે આદિવાસી વિસ્તારમાં ગોવાળ તરીકે કેટલાક કુટુંબો જોવા મળે છે. તેઓ આખા ગામના ઢોર ચરાવે છે. અને તેમને વાર્ષિક બંધિયુ અનાજ મળે છે અને રાત્રે જમવાનું માગીને લાવી ખાતા હોય છે. તેમની પાસે જમીન હોતી નથી તેમની આર્થિક પરિસ્થિતિ ઘણી જ નબળી હોય છે. વળી આખો રોપણીથી કાપણી

ગુમીજ કામ મળતુ હોય છે. ત્યારબાદ ઢોર જંગલ કે ખેતરમાં છુટા ફરતા હોય ત્યારે કામ મળતુ નથી. ત્યારે તેમને અન્ય મજૂરી, ગૌણપેદાશ એકત્ર કરવાનું કામ કરતા જોવા મળે છે. સુથારી કામ કરતા કુટુંબો પણ પરચુરણ કામ કરતા હોય છે. તેઓ કોઈ સારા કારીગર હોતા નથી પણ કામ લીધી સ્થાનિક નાના મોટા કામ કરતા હોય છે.જે કાયમી મળતુ હોતુ નથી. પશુપાલન કરતા કુટુંબો પાસે વત્તાઓછા પ્રમાણમાં જમીન હોય છે. તેઓ ગાય, બકરા, બળદ, મરઘા રાખતા હોય છે અને તેમની પૂરક આવક મેળવતા જોવા મળે છે.

<u>રહેઠાણ અંગે માહિતી દર્શાવતો કોઠો</u>

| કુલ કુટુંબો | ઘર દર્શાવતો | | ઓરડાની સંખ્યા | | | છાજનો પ્રકાર | | | મકાન માલિકની જમીન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કાચુ | પાકુ | ૧ | ૨ | ૩ | દેશી નળિયા | વિલાયતી નળિયા | ઘાસ | પોતાની | બીજાની |
| ૧૪૧ | ૧૪૦ | ૧ | ૫૪ | ૮૨ | ૩ | ૧૧૧ | ૨૭ | ૫ | ૧૩૬ | ૫ |

તપાસેલ ૧૪૧ કુટુંબોના રહેઠાણ અંગેની માહિતી ઉપરોક્ત કોઠામાં જોઈ શકાય છે કે ૧૪૦ કુટુંબો પાસે કાચા મકાન હતા, જ્યારે એક કુટુંબ એવુ હતું જેની પાસે પાકા મકાનની વ્યવસ્થા હતી. ૫૪ એવા કુટુંબો હતા જેઓ એકજ ઓરડાના મકાનમાં રહેતા હતા, જ્યારે ૮૨ કુટુંબો પાસે એક ઓરડા અને ઢાળિયો ગણી બે ઓરડા હતા. જ્યારે ત્રણ કુટુંબો પાસે બે ઓરડા અને એક ઢાળિયાની સુવિધા હતી. વિસ્તાર પ્રમાણે પોતાની જમીનમાં સ્થાનિક વસ્તુઓની સહાયથી તેઓ પોતાની જરૂરિયાત પ્રમાણેના બનાવી રહેતા જોવા મળ્યા હતા. મકાન ઉપરના છાજ જોઈએ તો ૧૧૧ ઘરો ઉપર દેશી નળીયા હતા, જ્યારે ૨૭ ઘરો ઉપર વિલાયતી નળિયા હતા. સરકાર શ્રી તરફથી વિલાયતી નળિયા માટે સહાય મેળવેલ કુટુંબો પાસે વિલાયતી નળિયા જોવા મળ્યા હતા. જ્યારે પાંચ ઘરો એવા હતા જેમના ઘરના છાજ ઘાસ/પાંદડાથી ઢંકાયેલ હતા. પોતાની માલિકીની જમીનમાં ઘર હોય તેવા ૧૩૬ કુટું હતા, જ્યારે બીજાની જમીનમાં ઘર બાંધીને રહેતા હોય તેવા પાંચ ઘરો હતા. જેમાં સરકારી, કે સગાવાલાની જમીનમાં ઘરો બાંધી રહેતા જોવા મળ્યા હતા. બાકી જેની પાસે જમીન હતી તેવા કુટુંબોએ પોતાની જમીનમાંજ ઘરો બાંધી રહેતા જોઈ શકાય છે. હરેક બધાજ કુટુંબો વિસ્તારને અનુરૂપ જ ઘરો બાંધી રહેતા

## કુટુંબની વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| ઘ. કુટુંબો | ખેતી | પશુપાલન | ખેતમજૂરી | અન્ય મજૂરી | નિયમ રોજિંદા ફેક્ટરીકામ | ટ્રક ડ્રાઈવર | વેપાર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | ૨૬૨૬૦૦ | ૪૮૪૫૦ | ૪૬૭૦૦ | ૬૫૫૬૦ | ૧૦૧૦૨૨ | ૧૨૦૦૦ | ૬૦૦ | ૫૨૨૪૦ | ૫૮૯૪૪૨ |
| ટકા | ૪૪.૫૬ | ૮.૨૨ | ૭.૬૯ | ૧૧.૧૨ | ૧૭.૧૩ | ૨.૦૩ | ૦.૧૦ | ૮.૮૯ | ૧૦૦.૦૦ |

આમ જોયુ તેમ ગૌણ વન પેદાશ એકત્રીત કરતા કુટુંબો કોઈ એકજ વ્યવસાય કરી પોતાની આવક મેળવતા હોય તેમ નથી પણ જુદા જુદા વ્યવસાયો દ્વારા આવક મેળવે છે. ઉપરોક્ત વાર્ષિક આવક ના [illegible] કોઠામાં દર્શાવ્યા પ્રમાણે ખેતીની આવક મુખ્ય હતી જે કુલ આવકના ૪૪.૫૬ ટકા હતી, જ્યારે બીજા ક્રમે ગૌણ વન પેદાશ એકત્ર કરવાની આવક જોઈ શકાય છે જે કુલ આવકના ૫૦.૧૩ ટકા જેટલી છે. એટલે કે ખેતી પછીનું બીજા નંબરનું સ્થાન મેળવેલું જોઈ શકાય છે. અન્ય મજૂરી કે ધંધા ઉપર આધારીત કુટુંબો સ્થળાંતર કરી બહાર જતા હતા તેમાં ૫૦ ટકાનો ઘટાડો જોઈ શકાય છે, એટલે કે બહારની મજૂરીમાં જે આવક આવતી હતી તેના બદલે તે આવક ગૌણ વન પેદાશ એકત્રીત કરી મેળવે છે તેમ સ્પષ્ટ જોઈ શકાય છે. વળી દર વર્ષે વન સમિતિ દ્વારા જુદા પ્રકાર ને વ્યાજમાં રાખી જે વ્યાજ વગરની આપવામાં આવે છે તેના કારણે પણ આવક વૃદ્ધિ જોઈ શકાય છે. ઉપરોક્ત આવકના આંકડા ઉપરથી જોઈ શકાય છે કે કુટુંબદીઠ વાર્ષિક આવક સરેરાશ ૪૬૮૦ રૂા. અને કુટુંબદીઠ માસિક આવક ૩૯૦ રૂા. જેટલી થવા જાય છે. આમ સરેરાશ જોતાં જે જીવતા કુટુંબો હોવા છતાં તેમની આવકમાં વધારો કરી શકાયો છે. એકલા ગૌણ વન પેદાશોના સરેરાશ વાર્ષિક આવક ૯૦૬ રૂા. જોઈ શકાય છે જે માસિક આવક ૭૫ રૂા. જેટલી જોઈ શકાય છે. આમ ઉપરના જે વન સમિતિઓ તેને મદદરૂપ થઈ છે. જેથી, ખુલ્લાપણે અન્ય મજૂરીની સાથે સાથે ગૌણ વન પેદાશોના એકત્રીકરણનું કામ કરે છે. જેથી આવકમાં વૃદ્ધિ થઈ છે.

ઉંમર પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો

| ઘ કુટુંબ | ૧ માસથી ૫ વર્ષ | | ૬ થી ૧૦ | | ૧૧ થી ૧૫ | | ૧૬ થી ૨૫ | | ૨૬ થી ૩૫ | | ૩૬ થી ૪૫ | | ૪૬ થી ઉપર | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| ૬૧ | ૬૬ | ૭૪ | ૬૬ | ૫૪ | ૬૪ | ૪૩ | ૭૯ | ૮૪ | ૭૨ | ૬૫ | ૪૬ | ૪૬ | ૩૧ | ૨૪ | ૪૨૪ | ૩૯૦ | ૮૧૪ |
| કા | ૧૭.૧૯ | | ૧૪.૭૫ | | ૧૩.૧૪ | | ૨૦.૦૨ | | ૧૬.૮૪ | | ૧૧.૩૦ | | ૬.૭૬ | | ૫૨.૦૮ | ૪૭.૯૨ | ૧૦૦ |

ઉપરોક્ત ઉંમરના વર્ગીકરણનો કોઠો જોતાં સ્પષ્ટ થાય છે કે તપાસેલ ૧૪૧ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૮૧૪ની છે. કુટુંબદીઠ ૫.૭૭ની સરેરાશ સભ્ય સંખ્યા થાય છે. કુલ સભ્ય સંખ્યામાં ૫૨.૦૮ ટકા પુરુષો અને ૪૭.૯૨ ટકા સ્ત્રી સભ્ય સંખ્યા હતી. સ્ત્રીઓની સંખ્યા ઓછી જોઈ શકાય છે. કામ કરી શકે તેવા સભ્યોની ઉંમર જોઈએ તો ૧૬ થી ૨૫માં ૨[illegible].૦૨ ૨૬ થી ૩૫માં ૧૬.૮૪ અને ૩૬ થી ૪૫માં ૧૨.૩૦ ટકા સભ્ય સંખ્યા છે. જે કુલ સભ્ય સંખ્યાના ૪૫.[illegible] ટકા સભ્ય સંખ્યા છે. જ્યારે ૧ માસથી ૧૫ વર્ષના બાળકો કે જેઓની ઉંમર કામ કરવા લાયક નથી તેવા સભ્યો પણ કુલ સભ્ય સંખ્યામાં [illegible]૫.૦૮ ટકા જેટલી જોઈ શકાય છે. આમ કુટુંબના અડધા સભ્યો કામ કરી શકે તેવી ઉંમર ધરાવે છે. અને અડધા સભ્યો તેમના ઉપર આધારિત જોઈ શકાય છે.

વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | પરણિત | | અપરણિત | | છૂટાછેડા | | વિધુર | વિધવા ત્યક્તા | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | પુ. | સ્ત્રી |
| ૧૪૧ | ૧૮૫ | ૧૯૦ | ૨૩૬ | ૧૯૩ | ૧ | - | ૨ | ૭ | ૪૨૪ | ૩૯૦ |
| ટકા | ૪૬.૦૭ | | ૫૨.૭૧ | | [illegible] | | ૦.૨૪ | ૦.૮૬ | | |

ઉપરોક્ત વૈવાહિક દરજ્જો દર્શાવતા કોઠામાં કુલ સભ્ય સંખ્યાના ૪૬.૦૭ ટકા સ્ત્રી-પુરુષો પરણિત હતા, જ્યારે ૫૨.૭૧ ટકા સ્ત્રી-પુરુષ અપરણિત હતા. છૂટાછેડા લીધેલ એક પુરુષ હતો, જ્યારે વિધુર બે પુરુષો અને વિધવા/ત્યક્તા ૭ સ્ત્રીઓ હતી. પરણિત સ્ત્રી-પુરુષોમાં પુરુષ કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે જોઈ શકાય છે તેનું કારણ એ છે કે આદિવાસી સમાજમાં બહુ પત્નિત્વનો રિવાજ હોવાથી એક કરતાં વધારે પત્નીઓ રાખી શકાય છે. છૂટાછેડા સ્ત્રીઓમાં એકપણ કેસ નથી કારણકે આદિવાસીઓમા પુનઃલગ્ન કરી શકતા હોવાથી નાની ઉંમરના સ્ત્રી-પુરુષો ફરીવાર લગ્ન કરી શકે છે.

<u>શિક્ષણ દર્શાવતો કોઠો</u>

(જેમનું શિક્ષણ પુરૂ થયું છે તેમની સંખ્યા)

| વિગતો | અભણ | | બાલવાડી | | ધો.૧ થી ૫ | | ધો.૬ થી ૭ | | ધો.૮ થી ૧૦ | | ધો.૧૧ થી ૧૨ | | કોલેજ | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| સં | ૨૦૭ | ૨૯૮ | ૨ | ૧ | ૩૬ | ૧૦ | ૧૧ | ૬ | ૧૩ | ૬ | ૨ | ૧ | ૨ | - | ૨૭૩ | ૩૧૪ | ૫૮૧ |
| ટકા | ૭૫.૮૨ | ૬૦.૪૨ | ૦.૭૪ | ૦.૩૧ | ૧૩.૧૮ | ૩.૨૦ | ૪.૦૨ | ૨.૮૮ | ૪.૭૬ | ૨.૮૮ | ૦.૭૪ | ૦.૩૧ | ૦.૭૪ | - | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | |

તપાસમાં લીધેલ ૧૪૧ કુટુંબોમાં ૮૧૪ કુલ સંખ્યામાંથી ૬૫ બાળકો નાના હતા. અને ૧૬૩ બાળકોનું શિક્ષણ ચાલુ હતું તે સિવાય રહેલા ૨૭૩ પુરુષો અને ૩૧૩ સ્ત્રીઓનું શિક્ષણ ઉપર પ્રમાણે જોવા મળ્યું હતું. ૨૭૩ પુરુષોમાં ૭૫.૮૨ ટકા પુરુષો અભણ હતા, જ્યારે ૩૧૩ સ્ત્રીઓમાં ૯૦.૪૨ ટકા સ્ત્રીઓ અશિક્ષિત હતી. પુરુષો કરતાં સ્ત્રીઓમાં શિક્ષણ ઓછું જોવા મળ્યું હતું. બાલવાડી સુધી ભણેલા ૦.૭૪ ટકા પુરુષો અને ૦.૩૨ ટકા સ્ત્રીઓ હતી. ૧ થી ૫ ધોરણ ભણેલાની સંખ્યા વધુ હતી. જે કુલ ભણેલામાં ૧૩.૧૮ પુરુષો અને ૩.૨૦ ટકા સ્ત્રીઓ હતી. માધ્યમિક શાળા અને ગામમાં કે નજીકમાં શિક્ષણની સુવિધા વધવાથી શિક્ષણ લેવાની શરૂઆત તો થયેલી જોઈ શકાય છે. પણ ઘણા ઓછા સભ્યો કોલેજ ભણેલા જોઈ શકાય છે. કોલેજ કરેલ બે પુરુષ સભ્યો છે તેમણે પી.ટી.સી. કરેલ છે. અને માધ્યમ શાળામાં રહી અભ્યાસ કરેલ છે. જેમનું શિક્ષણ પુરુ થયું છે તેમની કુલ સંખ્યામાં ૮૦.૬૧ ટકા અભણ વ્યક્તિઓ છે જે સંખ્યા ઘણીજ વધારે કહી શકાય.

## શિક્ષણ લઈ રહેલા બાળકોનું શિક્ષણ સ્તર

| બાલવાડી | | ધો.૧ થી ૫ | | ધો.૬ થી ૭ | | ધો.૮ થી ૧૦ | | ધો.૧૧ થી ૧૨ | | કોલેજ | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| ૧૦ | ૧૧ | ૭૦ | ૨૯ | ૧૪ | ૮ | ૮ | ૮ | ૪ | - | ૧ | - | ૧૦૭ | ૫૬ | ૧૬૩ |
| ૯.૩૪ | ૧૯.૬૪ | ૬૫.૪૩ | ૫૧.૭૮ | ૧૩.૦૮ | ૧૪.૨૮ | ૭.૪૮ | ૧૪.૨૮ | ૩.૭૪ | - | ૦.૯૩ | - | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | |

ઉપરોક્ત કોઠા પરથી હજુ પણ શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોઈ શકાય છે. વયજૂથના કોઠામાં માત્ર બતાવ્યું છે કે ૬ થી ૧૫ વર્ષના બાળકોની સંખ્યા ૨૨૭ છે. જે શિક્ષણ લેવા યોગ્ય છે જ્યાં ૧૬૦ બાળકોજ અભ્યાસ કરી રહ્યા હતા. જેમાં ૧૦૭ કુમાર અને માત્ર ૫૩ કન્યાઓ હતી. કુલ અભ્યાસ કરતા બાળકોમાં ૬૫.૬૫ ટકા કુમારો અને ૪.૩૫ ટકા કન્યાઓ હતી જે સૌથી ઓછી કહી શકાય. દરેક તાલુકામાં અને અમુક વિસ્તારના અંતરે માધ્યમિક શાળાની સગવડ હોવા છતાં કન્યા કેળવણી ઘણીજ ઓછી જોઈ શકાય છે. ધો. ૮ થી ૧૦ પછી કેળવણી કન્યાનો માત્ર અભ્યાસ જોઈ શકાતો નથી. તેમ છતાં કેકદરે શિક્ષણનો વ્યાપ વધેલો જોઈ શકાય છે તે એક સારી નિશાની છે.

તપાસેલ ૧૪૨ કુટુંબો જંગલ ગૌણ પેદાશ એકત્રીત કરવાનું કામ કરતા હતા. તેમને વર્ષ દરમ્યાન કેવી, કેટલા પ્રમાણમાં અને તેમાંથી કેટલી આવક મેળવી તે કોઠા દ્વારા જોઈશું તો વધુ સ્પષ્ટ ખ્યાલ આવશે કે જંગલ ગૌણ પેદાશ એકત્રીકરણથી તેમને કેટલી આવક થઈ છે.

| ક્રમ | પેદાશનું નામ | જથ્થો કિલોમાં | કુલ કિંમત |
|---|---|---|---|
| ૧. | ટીમરૂપાન (પૂડા) | ૨૪૮૮૫૦ | ૬૫૨૫૫ |
| ૨. | મહુડાફુલ | ૧૩૦૪ | ૧૨૦૪૦ |
| ૩. | મહુડા ડોળી | ૨૨૫૬ | ૧૨૬૬૫ |
| ૪. | સાલર ગુંદર | ૧૩૩ | ૨૬૬૫ |
| ૫. | ચારોળી | ૧ | ૩૦ |
| ૬. | ખાખરા બી | ૨ | ૮૦ |
| ૭. | સાગના બી | ૩૬૫ | ૭૩૦ |
| ૮. | કરંજ બી | ૧૧૦ | ૨૮૦ |
| ૯. | કુંવાર બી | ૧૯૧૦ | ૩૦૦૮ |
| ૧૦. | અન્ય | ૫ | ૫૦ |
| ૧૧. | મધ | ૭૦ | ૧૭૩૫ |

| ક્રમ | પેદાશનું નામ | જથ્થો કિલોમાં | કુલ કિંમત |
|---|---|---|---|
| ૧૨. | અરીઠા | ૭૮ | ૧૦૩૬ |
| ૧૩. | ગુંદર | ૩૦ | ૫૫૬ |
| ૧૪. | બેરડા | ૨૨૦ | ૬૦૦ |
| ૧૫. | રતનજોત | ૧૫ | ૪૧ |
| ૧૬. | આમળા | ૭૦૦ | ૨૪૦૦ |
| ૧૭. | [illegible] | – | [illegible] |
| | કીલો | ૭૩૭૨ | ૧૦૧૦૨૨ |
| | પૂડા | ૨૪૮૮૫૦ | |

૧૪૧ કુટુંબોએ ઉપરોક્ત જથ્થો જંગલ ગૌણ પેદાશનો એકત્રીત કર્યો હતો. જેના કારણે ૧૦૧૦૨૨ રૂ.ની આવક મેળવી હતી જે કુટુંબદીઠ ૭૧૬ રૂ. જેટલી થાય છે જે ઘણી સારી આવક કહી શકાય. કુટુંબદીઠ સરેરાશ ૫૨ કીલો જેટલો જથ્થો એકત્રીત કરતા માલુમ પડયા હતા. જ્યારે ટીમરૂપાનની કુટુંબદીઠ ૧૭૬૪ પૂડા એકત્રી કરતા જોઈ શકાય છે. ટીમરૂપાન એકત્રીત કરવા માટે એજન્ટો દ્વારા એકત્રીત કરવામાં આવતા હોવાથી તેમજ આવક સારી મળતી હોવાથી કુટુંબના ઘણા સભ્યો આમાં રોકાઈ ને કામ કરતા હોય છે. આમાં સારી આવક મળતી હોય છે. જોકે દુરના જંગલમાં જવું પડે છે. પણ પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો પણ આમાં જોડાય છે. ૨૦ થી ૨૫ દિવસ પાન એકત્રીકરણની કામગીરી ચાલતી હોય છે. જંગલ ગૌણ પ્રદેશ એકત્રીકરણમાં કુલ આવકના ૬૧.૮૨ ટકા આવક એકલા ટીમરૂપાનમાંથી મેળવે છે. જે કુટુંબદીઠ ૪૪૧ રૂ. જેટલી થવા જાય છે. જ્યારે બીજા નંબરે મહુડાફુલ અને મહુડા ડોળી આવે છે. જે અનુક્રમે ૧૧.૯૨ અને ૧૨.૫૬ ટકા જેટલી થાય છે. જે બીજા નંબરની આવક જોઈ શકાય છે. જોકે મહુડો એ આદિવાસીનું કલ્પવૃક્ષ છે. મહુડાના ફુલ અને ડોળી અન્નનો ઉપયોગ એ કપરા દિવસો માટે સાચવી રાખતા હોય છે. મહુડાના ફુલનો ખાવામાં પણ ઉપયોગ કરે છે, જ્યારે ડોળીમાંથી તેલ કઢાવી સાચવી રાખતા હોય છે. આમ ઘર ઉપયોગી જથ્થો રાખી બાકીનો વધારાનો

જથ્થોજ બજારમાં વેચવા માટે મૂકે છે. કેટલાક તો બાર માસ ચુલાનું [illegible] મેળવી લેતા હોય છે. મહુડો કલ્પ વૃક્ષ સમાન હોવા છતાં આજ તેની કરુણતા જોવા મળે છે કે જે જૂના ઝાડ છે. તેજ ઝાડ જોવા મળે છે. નવા ઝાડ ઉછેરવા જોઈએ અને જુના ઝાડને બચાવવા જોઈએ તેમાં ગંભીર શિથિલતા જોવામાં આવે છે. બીજી મહત્વની વાત એ છે કે મહુડાના ઝાડ માલીકી હકક ધરાવતા કુટુંબો ઘણા છે પણ જે જમીનમાં તે ઝાડ છે તે જમીન બીજાની માલિકીની હોય આવા કારણે જમીન માલીક પાકને નુકશાન થતું હોવાને કારણે તેના મૂળને ઊંડાને ઊંડા ખેડતા જાય છે. અને ઉપર દેખાતા મૂળ કાપતા જાય છે. ક્રમક્રમે આ ઝાડ આપ મેળે સુકાઈ જાય છે. કેટલાક વળી તેના ઉપરની ડાળીઓ કાપી નાખતા હોય છે. જેથી પણ તેનું આયુષ્ય ટુંકાય છે અને ફળ, ફૂલનો લાભ મળતો નથી જે મહુડા સરકારી ખુલ્લી જમીનમાં છે કે જંગલમાં છે તેના ઉપર કોઈનો હકક હોતો નથી વળી મહુડાના ઝાડને કાપવાનો નિષેધ હોવાથી તેના થડ કે મૂળને સ્થાનિક લોકો ધીમે ધીમે કાપી બળતણના લાકડા મેળવે છે. દર વર્ષે જમીન ધોવાણને કારણે તેના મૂળ બહાર નિકળી આવે છે. તેના માટે પણ કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ક્રમક્રમે મહુડાના ઝાડ નાશ પામે છે. મહુડાના ઝાડને તૈયાર થતાં ૨૦ થી ૨૫ વર્ષ જેટલો સમય લાગતો હોવાથી ઢોર બકરા તેના પાન દર વર્ષે આવી ખાતા હોવાથી તેની વૃધ્ધિ અટકી જાય છે. આમ જો જુના ઝાડ છે તેજ બચેલા જોઈ શકાય છે. નવા ઝાડ ઘણા અલ્પ પ્રમાણમાં જોઈ શકાય છે. વળી ખેડુતો પણ તેને ખેતરમાં નથી રાખતા કારણકે તે ઝાડ ઘણું મોટું થતું હોવાથી તે ઝાડ નીચેની છાયામાં અનાજનો પાક સારો ઉતરતો નહોવાથી થોડા લાભ માટે ઘણું નુકશાન સહન કરવું પડતું હોય છે.

ઉપરોક્ત જંગલ ગૌણ પેદાશ એકત્રીત કરતા કુટુંબોએ કેવા પ્રકારની પેદાશો એકત્રીત કરી છે તે જોતાં એમ લાગે છે કે ઘણી બધી વસ્તુઓ જે જંગલમાંથી મળે છે તેને એકત્રીત કરતા નથી અથવા તો નિગમ કે વેપારીઓ તેને ખરીદતા નથી. ઘણીવાર એવું સાંભળવા મળ્યું છે કે ઘણુ ઉત્પાદન થાય તે વસ્તુ વેપારીઓ ખરીદતા નથી. પણ માલનો ભરાવો કે બજારભાવ નહોય તેવી ચીજો નિગમ પણ ખરીદતું નથી. સુબીરના એક એજન્ટભાઈ રતનજોતનો મોટો જથ્થો સાફ કરાવી બહાર ટ્રક દ્વારા મોકલવાની તૈયાર કરતા

હતા ત્યારે તેમને કહ્યું કે સાહેબ આ જથ્થો મે નિગમના કહેવાથી ઉંચા ભાવે પણ ખરીદયો પણ હવે ભાવ નીચા હોવાથી નિગમ ખરીદવાની ના પાડે છે તો હું આ જથ્થો ખાનગી વેપારીને મહારાષ્ટ્રમાં મોકલાવું છું. આ તો એક જોતની વાત થઈ પણ આવી એવી કિંમતી વસ્તુ ઓ છે જે ઓછી ઉત્પાદન થતી હોય તેવી વસ્તુઓ વેપારીઓને સારા ભાવ એ તો બહાર વેચી દેતા હોય છે. વળી કેટલીક જગ્યાએ એવું પણ બને છે કે એજન્ટને અમુક જથ્થો નિગમને વેચવાનો હોય છે. બાકીનો જથ્થો તે બહાર વેચી દેતા હોય છે. આમ છતાં નિગમ દ્વારા ખરીદીએ ખૂબ સારી અને પ્રશંસાપાત્ર પ્રવૃત્તિ છે જ પણ હજુ ઉંડાણના ગામડા સુધી તેની જાણકારી અને માલની ક્વોલીટી તેમજ તેને લાવવાની રીત વગેરે બાબતે નિગમે ઘણું કરવાનું બાકી છે જે ખાનગી વેપારી કરી શકે છે તો નિગમ કેમ ન કરી શકે તે સમજ્ય તો નથી જ બીજી વાત એ છે કે જેમ ટીમરૂપાન માટેનું નેટવર્ક જે રીતે ગોઠવાયેલું છે તે રીતે બધી જ વસ્તુનું ગોઠવાય તો અવશ્ય સારી કામ- ગીરી થઈ શકે તેમ છે. જેથી નિગમ અને આદિવાસી બન્નેને સારો લાભ મેળવી શકાય તેમ છે. તપાસેલ ૧૪૧ કુટુંબોને એમ પુછવામાં આવ્યું હતું કે પહેલા જંગલોની પેદાશની આવક વધારે કે ઓછી મળતી હતી, ત્યારે ૭૯ કુટુંબોએ વધારે આવક મળતી તેમ જણાવેલું જ્યારે ૪૨ કુટુંબોએ ઓછી આવક મળતી તેમ જણાવેલ હતું. જ્યારે ૨૦ કુટુંબો એવા હતા જેમણે કોઈ જવાબ આપ્યા નહતા. આમ વધારે મળતી હતી તેવા જવાબદારોના કુલ જવાબ આપનાર કુટુંબોના ૬૫.૦૪ ટકા અને ઓછી મળતી તેમ જણાવનાર ૩૪.૯૬ ટકા જવાબો હતા. આમ કુલ કુટુંબોના વધારે મળતી તેવા જવાબ આપનાર ૫૬.૩ ટકા ઓછી આવક થતી તેવા ૨૯.૦૭ ટકા અને જવાબ નહી આપનારની સંખ્યા ૧૪.૮૦ ટકા હતી. આમ વધારે ઓછી આવકના કારણો જોઈએ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કેમ વધારે ઓછી આવકો મળતી.

| ક્રમ | કારણો | કુલ જવાબો |
|---|---|---|
| ૧. | જંગલ ઓછુ થવાથી | ૧૬ |
| ૨. | ઉત્પાદન ઓછુ થવાથી | ૧ |
| ૩. | ભાવો સારા મળવાથી | ૨૩ |
| ૪. | મહુડા જેવા અન્ય ઝાડો ઓછા થવાથી | ૨ |

| ક્રમ | કારણો | કુલ જવાબો |
| --- | --- | --- |
| ૫. | વસતિ વધારો | ૧૭ |
| ૬. | ખરીદાતું નથી | ૫ |
| ૭. | કેટલીક વસ્તુઓ ઉપર પ્રતિબંધ હોવાથી (દા.ત.ટિંબા-ઝુદર) | ૧ |
| ૮. | વરસાદ ઓછો થવાથી | ૧ |
| ૯. | મોંઘાં ભાવો ન મળતા | ૩ |
| ૧૦. | [illegible] નહિવત | ૧ |
| ૧૧. | કોઈ કારણ નથી | ૧ |
| | | ૧૦૧ |

ઉપરોક્ત મિશ્ર જવાબો જોઈએ તો આવક વધારે ઓછી થવા માટેના ૧૦૧ જેટલા કારણો દર્શાવ્યા છે. જેમાં મુખ્ય કારણ જંગલ ઓછું થવાથી જંગલનું પ્રમાણ દિનપ્રતિદિન ઘટતુ રહ્યું છે તે આદિવાસીઓને ખૂબ સારી જાણકારી છે. તેમને પહેલા જે સરળતાથી પેદાશો મળતી તેના માટે કે નહીં મળતી. તે માટે મહત્વનું કારણ જંગલ ઓછુ થતુ રહ્યું છે તેવા ૬૬ જવાબો ઉપરથી જોઈ શકાય છે જે કુલ જવાબના ૬૫.૫૫ ટકા જેટલા છે. જ્યારે વસ્તુઓ ઓછી મળે છે પણ ભાવ સારા મળતાથી આવકમાં વધારો થયો છે. તેવા જવાબો ૨૩ હતા જે કુલ જવાબના ૨૨.૭૭ ટકા જેટલા હતા. એટલે કે ભાવો મળે છે પણ જંગલ ગૌણ પેદાશ ઓછી મળે છે તે પણ જોઈ શકાય છે, જ્યારે ત્રીજુ મહત્વનું કારણ તેમને જે બતાવ્યું છે તે વસતિ વધારો જે કુલ જવાબના ૧૬.૮૪ ટકા જેટલા છે. વસતિ વધારો થવાથી જંગલ ઉપર અને જંગલ ગૌણ પેદાશો ઉપર અસર થઈ છે તે બતાવે છે. પહેલા ઓછા લોકો હતા ત્યારે વસ્તુ વધારે મળતી અત્યારે વધારે લોકો થવાથી વસ્તુને મળવામાં મુશ્કેલી પડે છે. સાથે સાથે જંગલ ઓછુ થઈ જાય છે. અને એકત્રીત કરનાર લોકોની સંખ્યા વધતી જાય છે. જેના કારણે પણ આવક ઓછી મળે છે. આમ ઉપરોક્ત ત્રણ મુખ્ય કારણો હતા ત્યારબાદ કુદરતી અને કારણોમાં વરસાદ ઓછો થવાથી, મહુડા જેવા ઝાડ ઓછા થવાથી ઝુદર ઉપર પ્રતિબંધ મુકવાથી તે વિસ્તારમાંથી કારણ હતું. જ્યારે એક ધ્યાન ખેંચે તેવું કારણ હતું. ખરીદાતું

નથી એટલે કે હીડાણા હજુ કેટલાય એવા વિસ્તારો છે ત્યાં હજુ ખરીદીની વ્યવસ્થા બરાબર નહી હોવાથી કેટલીક પેદાશો નષ્ટ થતી હોય છે. તેમ પણ તેમનું માનવું છે, જ્યારે પહેલા ભાવો નોતા મળતા તેવા કારણો આવક ઓછી હતી તેવા પણ ત્રણ કારણો જાણવા મળ્યા હતા, આમ પહેલાં આવક વધારે ઓછી થતી હતી તે જવાબો જોતાં આદિવાસીની સૂઝબૂઝનો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કુદરતી, વહીવટી અને માનવસર્જિત કારણો આપી ખૂબ સારો પરિચય કરાવ્યો છે. આ કોઠાના કારણો જોતાં જંગલ, વસતિ અને વ્યવસ્થા આ ત્રણેય માટે સઘન પ્રયત્ન કરવાની જરૂર છે તેમ લાગ્યા વગર રહેતુ નથી. તેઓ પણ સમજે તો છેજ કે જંગલ ઓછુ થવાથી અને વસતિ વધારો થવાથી જંગલની આવકો ઓછી મળવાની જ છે. તેમ છતાં નિગમ દ્વારા જે પ્રયત્નો કરવામાં આવ્યા છે તે ઘણા સરાહનિય તેમના જવાબો પરથી લાગે છે.

જંગલ ગૌણ પેદાશ વધારે કે ઓછી મળતી હતી તે જાણ્યા પછી જે મળે છે તે પેદાશો કોને વેચો છો તેવો પ્રશ્ન પૂછતાં તપાસેલ ૧૪૨ કુટુંબોમાંથી ૧૩૦ કુટુંબોએ પરવાનેદાર વેપારીને વેચે છે તેવો જવાબ આપ્યો હતો. જ્યારે ખાનગી વેપારીઓને વેચે છે તેવા ૪૭ જવાબો મળ્યા હતા એટલે કે પરવાનેદારને વેચતા હોય તેવા ૯૨.૧૯ ટકા જવાબો હતા. મોટાભાગના લોકો પરવાનેદાર વેપારીનેજ વેચતા જ્યારે બોર્ડર ઉપરના કે હીંડાણના ગામો ખાનગી વેપારીને કેમ વેચે છે તેના કારણે જોઈએ તો વધુ સ્પષ્ટ ખ્યાલ આવશે.

<u>ગૌણ વન પેદાશ કોને વેચો છો તે દર્શાવતો કોઠો</u>

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | પરવાનેદાર વેપારીને | – ૧૩૦ |
| ૨. | ખાનગી વેપારીને | – ૪૭ |

## ખાનગી વેપારીઓને વેચવાના કારણો :

| ક્રમ | કારણ | સંખ્યા |
|---|---|---|
| ૧. | એમ.પી.માં વધારે ભાવો મળે છે. | ૮ |
| ૨. | સ્થાનિક ખરીદનાર કે એજન્ટ નથી | ૧ |
| ૩. | બજારમાં લઈ જાય છે તેને વેચે | ૨ |
| ૪. | નિગમ ખરીદે તો તેને આપે | ૧ |
| ૫. | ખાનગી વેપારીઓ બધી વસ્તુઓ ખરીદે | ૪ |
| ૬. | પરગામ્યુ મંગાવે તો તેને વેચે | ૧ |
| ૭. | ભાવ સારા મળે ત્યાં વેચે | ૧ |
| | | ૧૮ |

ઉપરોક્ત સાત કારણો ૧૮ જણાએ આપ્યા ત્યાં જે ઘણાં માર્મિક અને વેધક છે. ગૌણ વનપેદાશના ભાવો જે સારા આપે તેને ત્યાં વેચવા માટે પ્રેરાતા હોય છે. રાજ્યોની સરહદના કુટુંબો અથવા નજીકના હટવાડામાં બહારના રાજ્યના વેપારી આવે તે વધારે ભાવો આપે તો તેને તે વેચે. જ્યારે કેટલાક ગામો એવા છે કે ત્યાં સ્થાનિક ખરીદનાર ન હોવાના કારણે ગમે તે દુકાને કે હટવાડામાં આપવાની ફરજ પડે છે. કેટલાકો ખબર નથી કે નિગમ શું ખરીદે છે અને શું નથી ખરીદતું. વળી નિગમના એજન્ટોની પણ ખબર હોતી નથી જેમ ટીમરૂપાન કોણ ખરીદે છે, કોણ એજન્ટ છે શું ભાવ આપવાના છે તેની જાણકારી હોય છે. તેમ અન્ય જંગલ ગૌણ પેદાશોની ખરીદી એજન્સીની જાણકારી ઘણા ઓછા કુટુંબોને હોય છે. એટલે તેના જવાબમાં જણાવે છે કે ખાનગી વેપારીઓ બધી જ વસ્તુ ખરીદે એટલે તેને વેચે એમ તે જણાવે છે. ઘણા મોટાભાગના કુટુંબોને મહુડા, ડોળી, ટીમરૂપાન, વગેરે ગૌણ વસ્તુ નિગમ ખરીદે છે. તેની જાણકારી છે પણ ~~ગૌણ~~ મોટાભાગના કુટુંબોને નિગમ બધી જ વસ્તુઓ ખરીદે છે તેની જાણકારી નથી. આના કારણે જરૂરિયાત પ્રમાણે એકત્રીત કરેલી વસ્તુ લઈ હટવાડામાં જાય છે અને તે જે વેપારી લે તેને વેચી તેના બદલામાં પોતાની જીવન જરૂરી ચીજવસ્તુઓ ખરીદતો હોય છે. ત્યારે તેને ભાવ તોલનો ખ્યાલ કરેલ નથી. વેપારીઓ ઉંચાભાવ બોલી તોલમાં છેતરી લે છે. તેની તેને ઘણીવાર ખબર હોવા છતાં તે થોડી વસ્તુ હોવાના

કારણે તે અને તે વેપારીને વેચી દેતો હોય છે. વેપારીઓ બીજા પ્રકારે માલની ખરીદી કરતા હોય છે. જ્યારે જે વસ્તુ પરવાનેદાર વેપારીને ખરીદવાની હોય છે તે દરેક વસ્તુ દરેક વેપારી હટવાડામાં ખરીદતા હોય છે. અને છેલ્લે તે બધો માલ પરવાનેદાર વેપારીને આપતા હોય છે. ક્યારેક તો મોટા વેપારીઓના એજન્ટ જેવા માણસો વેપાર કરતા હોય છે. જે વચ્ચેનો માર્જીન તેમને મળે છે. આમ છતાં જ્યાં નિગમના કેન્દ્રો છે. લોકોને જાણકારી છે તેવા વિસ્તારોમાં લોકો નિગમના એજન્ટ કે નિગમના ખરીદી કેન્દ્ર ઉપરજ માલ વેચતા હોય છે. ખાસ કરી મહુડા, ડોળી, ગુંદર, જેવી વસ્તુઓ કેન્દ્રમાંજ વેચતા હોય છે. કેન્દ્રોની આવક પણ ખૂબ સારા પ્રમાણમાં થતી હોય છે. મોટાભાગના જવાબો પણ નિગમને વેચે છે તેવા હતા. એટલે કે હજુ ઊંડાણના વિસ્તારોમાં ખરીદીની વ્યવસ્થા ગોઠવાય અને લોકોને તેની જાણકારી મળે તો તેમને ઊંચા ભાવો મળે અને વધારે આવક મેળવી શકે તેમ છે.

જંગલ ગૌણ પેદાશમાંથી થતી આવકનો ઉપયોગ :

આગાઉ આવકના કોઠામાં જોયું કે તપાસેલ કુટુંબોની કુલ વાર્ષિક આવકમાં ૭૭.૨૪ ટકા આવક જંગલ ગૌણ પેદાશ એકત્રીકરણમાંથી મેળવતા હતા કે કુટુંબદીઠ સરેરાશ ૭૨૬ રૂપિયા જેટલી આવક થતી હતી. આ આવકનો કેવી રીતે ઉપયોગ કરતા તે નીચેના કોઠા ઉપરથી જોઈએ.

| ક્રમ | કેમાં | કુલ કુટુંબ | ટકા |
|---|---|---|---|
| ૧. | રોજીંદા ખરચમાં | ૧૩૭ | ૩૭.૩૨ |
| ૨. | છોકરા/છોકરીના લગ્ન પ્રસંગે | ૧૦ | ૨.૭૩ |
| ૩. | ઉત્સવ પ્રસંગે | ૯ | ૨.૪૬ |
| ૪. | મૃત્યુ પ્રસંગે | ૧ | ૦.૨૭ |
| ૫. | દેવું ભરપાઈ કરવા | ૧૮ | ૪.૯૧ |
| ૬. | મિલકત ખરીદી કે ઘર બાંધવા | ૬ | ૧.૬૪ |
| ૭. | ઘરવખરીની ચીજવસ્તુ ખરીદવા | ૧૦૦ | ૨૭.૨૪ |
| ૮. | કાપડ લેવા | ૮૫ | ૨૩.૧૬ |
| ૯. | અન્ય | ૧ | ૦.૨૭ |
| | કુલ | [illegible] | [illegible] |

ઉપરોક્ત કોઠામાં જોઈ શકાય છે કે તપાસેલ ૧૪૧ કુટુંબોને જંગલ ગૌણ પેદાશમાંથી થતી આવકનો ઉપયોગ જીવન જરૂરી જુદા જુદા નવ કારણો ધ્વારા જુદા જુદા વપરાશો બતાવ્યા છે. જેમાં રોજીંદા ખરચમાં વપરાશ દર્શાવતા ૧૩૭ જવાબો હતા જે કુલ જવાબોના ૩૭.૩૨ ટકા થાય છે જે સૌથી વધુ છે, જ્યારે ઘરવખરીની ચીજવસ્તુ ખરીદવા ઉપયોગ કરતા હોય તેવા ૧૦૦ જવાબો હતા જે કુલ જવાબના ૨૭.૨૬ ટકા હતા, જ્યારે ૮૫ જવાબો કાપડ ખરીદવાના હતા જે કુલ જવાબના ૨૩.૧૬ ટકા હતા. આમ એક કરતાં વધારે કારણો માટે આવકનો ઉપયોગ કરતા માલુમ પડયા હતા. જીવનની પ્રાથમિક જરૂરિયાતો માટે આવકનો ઉપયોગ કરતા માલુમ પડયા હતા. જેમની આવક વધારે હતી તેઓ સામાજિક પ્રસંગો અને મિલકત ખરીદવા કે દેવું ભરપાઈ કરવામાં પણ જંગલ ગૌણ પેદાશની આવકનો ઉપયોગ કરતા જોઈ શકાય છે. જોકે આ આવક સિઝનલ હોવાથી તે સીઝનમાં મળે તે સીઝનની જરૂરિયાત પ્રમાણેનો ઉપયોગ કરતા માલુમ પડયા હતા. થોડા દિવસોમાં સારી આવક થાય તેમાંથી કપડાં, ઘર બાંધવા કે લગ્ન પ્રસંગો માટે પણ આવક વાપરતા જોઈ શકાય છે. આમ જંગલ ગૌણ પેદાશની આવકનો મહત્તમ ઉપયોગ અને જીવનમાં આ આવક કેટલા મહત્વના પ્રસંગોએ કામ આવે છે તે જોઈ શકાય છે.

તપાસેલ કુટુંબોને જંગલગૌણ પેદાશ એકઠીત કરવામાં કેવા પ્રકારની મુશ્કેલી પડે છે તે જાણવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦૧ કુટુંબોએ હામાં જવાબ આપ્યો હતો એટલે કે ૭૧.૬૪ ટકા કુટુંબોને કોઈ ને કોઈ પ્રકારની મુશ્કેલી દર્શાવી હતી. જ્યારે કોઈ મુશ્કેલી પડતી નથી તેવા ૩૦ કુટુંબોના જવાબો હતા. ૨૧.૨૭ ટકા જવાબો હતા, જ્યારે ૧૦ કુટુંબોએ કોઈ જવાબ આપ્યા નહતા. જે કુલ કુટુંબના ૭.૦૯ ટકા થાય છે. આમ ઘણા-મોટા ભાગના કુટુંબોએજ પેદાશ એકઠા કરવામાં મુશ્કેલી પડે છે તેમ જણાવેલ હતું. તેમને કેવા પ્રકારની મુશ્કેલી પડે છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો જે નીચે પ્રમાણે છે.

| ક્રમ | મુશ્કેલીઓ | સંખ્યા |
|---|---|---|
| ૧. | ઝાડ મોડા (જંગલ મોડું) | ૭ |
| ૨. | દુરના જંગલમાં જવું પડે | ૬૦ |
| ૩. | અસામાજિક તત્વો દ્વારા રંજાડ | ૧ |
| ૪. | એસ.પી.માં દંડ કરે છે. | ૧ |
| ૫. | આખો દિવસ જંગલમાં ફરવું પડે છે. | ૭ |
| ૬. | માલીકીના ઝાડ | ૧ |
| ૭. | પેદાશો મોડો સમય મળે છે. | ૧ |
| ૮. | રાતે જવા માટે બેટરી જોઈએ. | ૧ |
| ૯. | ઝાડની છાલ નથી લેવા દેતા | ૨ |
| ૧૦. | ઝાડ ઉપર ચઢવું પડે | ૩ |
| ૧૧. | છોકરાઓ લાવે | |
| ૧૨. | રીઝર્વ ફોરેસ્ટમાં નથી લેવા દેતા | |
| ૧૩. | વેપારીઓ અઠવાડીયે આવે. | |
| ૧૪. | ઝેરી જાનવરનો ડર | |
| ૧૫. | ઘણીવાર મળે ન પણ મળે. | |
| ૧૬. | વાગવા પડવાનો ભય | |
| ૧૭. | ઘણીવાર બીજા રાજ્યની સરહદે જવું પડે. | |

ઉપરોક્ત મુશ્કેલીઓમાં મુખ્ય મુશ્કેલી ઝાડ મોડા થવાની છે. જેના કારણે દુરના જંગલમાં મેળવવા માટે જવું પડે છે તે મુખ્ય છે. જ્યારે બીજી બધી મુશ્કેલીઓ વ્યક્તિગત અનુભવની મુશ્કેલીઓ જોઈ શકાય છે. જંગલ મોડું થવાથી પેદાશો મોડી મળે છે તે વાત આદિવાસીઓ પણ સ્વીકારે છે. જ્યારે આ વસ્તુઓ એકત્રીત કરવા જાય ત્યારે તેમને શારીરીક મુશ્કેલીઓ પડવાનો જે ડર છે તે ઓછો થાય છે. જેમાં વાગવા, પડવાનો ભય, ઝેરી જાનવર કરડવાનો ભય, વગેરે દર્શાવવામાં આવી છે. તેમને જંગલમાંથી બીજી કોઈ વહીવટી કે કર્મચારીની અડચણનો ભય જોવા મળતો નથી. કેટલાક કેન્દ્રશાસીત મારફાળવાળા જંગલમાં અને ઝાડની છાલ નહી લેવા દેવામાં

જંગલ ખાતાના જંગલ રક્ષણના સવાલો સંકળાયેલા હોવાથી તેમાં મોટી છુટછાટ આપી શકાય નહી તેમ સૌકોઈ માની શકે તેવી બાબત છે. આમ છતાં જો જંગલ સારૂ હોય અને વિપુલ પ્રમાણમાંજ પેદાશો મળતી હોયતો કોઈ મોટી મુશ્કેલી તેમને નડતી હોય તેવું ઉપરોક્ત કારણો જોતાં જોઈ શકાતુ નથી.

આગાઉ જોયું તેમ નિગમની સ્થાપનાના ઉદ્દેશો આદિવાસીઓને જંગલની પુરક રોજગારી આપી એમના જીવનધોરણમાં સુધારો થાય સ્થાનિક રોજગારી આપી શકાય અને સ્થળાંતર અટકાવી શકાય આમ તેની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્થિતિમાં સુધારો થાય તે હેતુસર જંગલમાંથી મળતી ગૌણ પેદાશોનો વ્યવસ્થિત ઉપયોગ થાય અને તેનો લાભ સ્થાનિક લોકોને સારો મળે તે હેતુસર નિગમે જંગલ ગૌણપેદાશ ખરીદવાની યોજના બનાવી અને જુદા જુદા વિસ્તારોમાં પ્રોજેક્ટ ચોકીઓ અને ખરીદી કેન્દ્રો, તેમજ એજન્ટ નીમે ખરીદવાની સુયોગ્ય વ્યવસ્થા ગોઠવી. આ વ્યવસ્થાથી આદિવાસીના જીવનમાં પહેલા કરતાં સુધારો થયો છે કે કેમ તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તપાસેલ ૧૪૧ કુટુંબોમાંથી સુધારો થયો છે. તેવા જવાબ આપનાર ૫૨ કુટુંબો હતા જે કુલ કુટુંબના ૩૬.૮૨ ટકા થાય છે. જ્યારે નથી થયો તેમ કહેવાવાળા ફક્ત ૧૧ કુટુંબો હતા જે કુલ કુટુંબના ૭.૮૫ ટકા જેટલા હતા. બાકીના ૭૪ કુટુંબોને ખબર પડતી નથી અથવા ખાસ મોટો ફેરફાર થયો નથી તેમ જવાબો આપેલા હતા એટલે કે તેમના જીવન ધોરણમાં કોઈ મોટા ફેરફારો જોઈ શક્યા નહતા. આમ છતાં જેમના જવાબો હામાં છે તેવા કુટુંબો અને ખબર પડતી નથી તેવા કુટુંબોએ જંગલ ગૌણપેદાશથી શું લાભ થાય છે તેના કારણો જણાવેલ હતા જે નીચે પ્રમાણે છે.

| ક્રમ | હા નાં કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧. | રોજીરોટી મળે છે | ૨૪ |
| ૨. | આવક વધી છે. | ૧૦ |
| ૩. | સ્થાનિક કામ મળે છે. | ૭ |
| ૪. | પુરક આવક મળે | ૪ |

ઉપરોક્ત ઘણાઓછા કારણો જાણવા મળ્યા હતા પણ એક વાત નક્કી હતી કે જંગલ ગૌણ પેદાશની આવકથી રોજગારોના ખર્ચ જેટલું તો તેમને મળે છે. તેમને જ્યારે કંઈ નવી ખરીદી અથવા સ્થાનાન્તર કરી બહારગામ જવું પડે છે તેવા સમયે તેમને રોજીંદા ખર્ચ જેટલી આવક મળે તે ઘણી સારી વાત છે. જ્યારે આવક વધી છે તેવા પણ ૧૦ જવાબો હતા અને સ્થાનિક રોજગારી મળી તેવા ૭ જવાબો હતા. આમ આવક અને કામ સ્થાનિક મળે તે ઘણીસારા પરિણામો કહી શકાય. નિગમ દ્વારા જે ભાવો આપવામાં આવે છે તેનાથી તેમને સંતોષ છે. તેવા પ્રશ્નના જવાબ સામે ૮૬ કુટુંબોના હામાં અને ફક્ત ૧૪ કુટુંબોના નામાં જવાબ હતા. જ્યારે અન્ય કુટુંબોના કોઈ જવાબ નહતા એટલે કે કુલ કુટુંબોના ૬૧ ટકા કુટુંબોને જે ભાવો મળે છે તેમાંથી સંતોષ હતો. જ્યારે સંતોષ ન હોય તેવા ૯.૯૩ કુટુંબોજ હતા, જ્યારે બાકીનાએ જવાબ આપી શક્યા નહતા. આમ એકંદરે જે ભાવો મળે છે તેનાથી સંતોષ વ્યક્ત કર્યો હતો. જેમના નામાં જવાબો હતા તેમની પાસેથી કારણો મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો જે કારણો નીચે પ્રમાણે છે.

| ક્રમ | ના તો કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧. | આજુ સાથે ભાવો નીચા છે. | ૧ |
| ૨. | ક્યારેક ભાવો ઓછા કરે છે. | ૯ |
| ૩. | ઠેકેદારો ભાવ આપતા નથી | ૨ |
| ૪. | બીજા વેપારીઓ ખરીદતા નથી. | ૧ |
| ૫. | મોંઘવારી પ્રમાણે ભાવો નથી | ૧ |
| ૬. | જંગલની આવક ઓછી | ૧ |

નિગમના ભાવોથી તમને સંતોષ છે તેવા પ્રશ્ન સામે જે ૧૪ કુટુંબોના જવાબ છે તે જોતા એમ લાગે છે કે તેમને ક્યારેક જ ભાવો સામે મુશ્કેલી પડી છે. નિગમની પ્રવૃત્તિ સામે કોઈ વાંધો નથી પણ નિગમની નીતિમાં ફેરફાર કરવામાં આવે ત્યારે તેમને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ નથી. બજારભાવ નીચા હોય તો નિગમ પણ નીચા ભાવો ખરીદે અથવા ટેકાના

ભાવ આપે અથવા કોઈ ઠેકેદારની તુલના કારણે ઓછા ભાવ મળે કે નિગમે જે ક્વોલીટી ગ્રેડ નક્કી કરેલા છે તે પ્રમાણેના ભાવો આપે ત્યારે પણ તેમના મનમાં આવા ભાવ પેદા થાય તે સ્વાભાવિક વાત છે પણ આ બધી બાબતોથી તેમને વાકેફ કરવામાં આવે અને ભાવોમાં વધઘટ કેમ થાય છે તેની જાણકારી પૂરી પાડવામાં આવે તો એકંદરે ભાવ બાબતે તેમને સંતોષ છે તેમ કહી શકાય.

જંગલ ગૌણ પેદાશો એકઠી કરી વેચવાથી વધુ આવક ઊભી કરી શકાય એવા કોઈ ઉપાય તમને સૂઝે છે તેવા પ્રશ્નના ઉત્તરમાં ૫૪ કુટુંબોના હામાં જવાબ હતા. જ્યારે ૨૬ કુટુંબોના નામાં જવાબ હતા. બાકીના કુટુંબોના કોઈ જવાબ આપ્યા નહતા. એટલે કે કુલ કુટુંબોના ૩૮.૨૯ ટકા કુટુંબોએ ઉપાયો બતાવ્યા હતા. ૧૮.૪૪ કુટુંબોએ ઉપાયો સૂઝવ્યા નહતા. જ્યારે બાકીના ૪૩.૨૭ ટકા કુટુંબોએ કોઈ જવાબ આપ્યા નહતા. આમ જે કુટુંબો નિગમની પ્રવૃત્તિ વાકેફ હતા. જાણકારી સારી ધરાવતા કુટુંબોએ આવક વધારવા માટેના સુચનો કર્યા હતા. બાકીના કુટુંબો જેઓ અભણ અને અજ્ઞાન હતા તેઓ ઉપાયો બતાવી શક્યા નહતા. તેમને જો ઉપાયો બતાવ્યા છે તે નીચે પ્રમાણે છે.

<u>આવક વધારવાના ઉપાયો</u>

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | નિગમે બધોજ માલ ખરીદવો જોઈએ. | ૧૮ | ૨૫.૩૫ |
| ૨. | જંગલ બચાવવું જોઈએ. | ૧૦ | ૧૪.૦૮ |
| ૩. | નિગમની જાણકારી વધારવી જોઈએ. | ૧૫ | ૨૧.૧૨ |
| ૪. | ભાવો વધારવા જોઈએ. | ૧૩ | ૧૮.૩૦ |
| ૫. | ભાવો દરેક જગ્યાએ સરખા રાખવા જોઈએ. | ૨ | ૨.૮૨ |
| ૬. | ખરીદી વ્યવસ્થા સુવ્યવસ્થિત કરવી જોઈએ. | ૨ | ૨.૮૨ |
| ૭. | ગુંદરનો પરવાનો આપવો જોઈએ. | ૧ | ૧.૪૧ |
| ૮. | જંગલ રીઝર્વ રાખવા જોઈએ. | ૧ | ૧.૪૧ |
| ૯. | સ્થાનિક એજન્ટો મુકવા જોઈએ. | ૫ | ૭.૦૪ |
| ૧૦. | કાયમી ખરીદી વ્યવસ્થા કરવી જોઈએ. | ૨ | ૨.૮૨ |
| ૧૧. | નિગમ દ્વારાજ ખરીદાવું જોઈએ. | ૨ | ૨.૮૨ |
| | કુલ | ૭૧ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત આવક વધારવાના ઉપાયો જોઈએ તો નિગમે બધોજ માલ ખરીદવો જોઈએ તેવા ૧૮ વ્યક્તિના જવાબો હતા. જે કુલ કારણના ૨૫.૩૬ ટકા હતા. એટલે કે નિગમ દ્વારા માલની ખરીદી કરવામાં આવે છે તે સારી વાત છે પણ જંગલમાંથી મળતી તમામ પ્રકારની ખરીદી નિગમ દ્વારા થવી જોઈએ તેમ માનવું છે. વિસ્તારમાંથી મળતી દરેકે દરેક વસ્તુ નિગમ ખરીદે તો આવક વધારી શકાય. કેટલાક વિસ્તારમાં અમુક વસ્તુ ખરીદે અને અમુક વસ્તુ ન ખરીદે. દા.ત. ખાખરાના પાન, પુવારબીજ, રતનજોત જેવી બીન રાષ્ટ્રીયકૃત ચીજો નિગમની અનુકૂળતા એજ ખરીદી કરતું હોય છે.

બીજા નંબરે જંગલ વધે તોજ આવક વધારે મેળવી શકાય તે સૂચન કર્યું છે. પહેલાના જેટલું જંગલ રહ્યું નથી એટલે આવક ઓછી થાય છે.તેમ જણાવેલ છે. પહેલા જે ગાડા ભરી વસ્તુઓ મળતી તે હાલમાં મળતી બંધ થઈ છે. કેટલાક ગામોના નામ તે વિસ્તારમાં થતા ઝાડના નામ ઉપરથી પડેલા છે. પણ હવે તે ઝાડ ત્યાં બચ્યા નથી તે બતાવે છે કે જો જંગલ દિવસે દિવસે ઓછું થતાં તેમાંથી મળતી પેદાશો પણ ઘટતી જાય છે. વળી નવું જંગલ અથવા પેદાશો આપતા ઝાડ નહીં રહે તો તે પેદાશ મળવાની નથી. તેવા સૂચનો કુલ સૂચનોના ૧૪.૦૮ ટકા જેટલા હતા.

ત્રીજુ એક સૂચન એવું હતુ કે નિગમ જંગલ ગૌણ પેદાશ ખરીદે છે તેની જાણકારી હીંડાણના ગામડાઓ સુધી નથી એટલે લોકો ખાનગી વેપારી કે હટવાડામાં પોતાની પેદાશો વેચતા હોય છે. અને છેતરાતા હોય છે. આ માટે નિગમ તરફથી એવી વ્યવસ્થા ગોઠવાય કે દરેક ગામડે ગામડે નિગમની પ્રવૃત્તિનો પ્રચાર થાય તેવા ૧૫ સૂચનો હતા જે કુલ સૂચનોના ૨૧.૧૨ ટકા થાય છે.

ભાવો વધારવા જોઈએ એટલે કે ખાનગી વેપારીઓ વધારે ભાવોની લાલચ આપી લોકો પાસેથી વસ્તુઓ પડાવતા હોય છે. એટલે ભાવો સારા આપવા જોઈએ તેવા ૧૩ સૂચનો હતા. જે કુલ સૂચનના ૧૮.૩૦ ટકા થાય છે. સાથે સાથે ભાવો દરેક જગ્યાએ સરખા હોવા જોઈએ તેવા પણ સૂચનો કરવામાં આવ્યા હતા. આમ તો દરેક જગ્યાએ ભાવ સરખા હોય છે. પણ કોઈ એજન્ટ

ની સમજ ફેર થાય અથવા ક્વોલીટીમાં ફેરફાર હોય તોજ આ શક્ય બને તેમ છતાં તેમના સૂચન પ્રમાણે ભાવો સરખા રહેવા જોઈએ. આમાં ટીમરૂપાનમાં દરેક વિસ્તારના ઠેકેદાર જુદા જુદા વેપારીઓ હોય છે. તે ક્યારેક ક્યારે લાભ કે પ્રોત્સાહન માટે પણ આવા પ્રયત્નો કરતા હોય તો તેમને આવું સૂચન કરાયુ હોય તેમ લાગે છે.

આવક વધારવા માટે બીજા અનેક સૂચનો કરાયા હતા. જેમાં સ્થાનિક એજન્ટ હોવા જોઈએ. નિગમ દ્વારાજ ખરીદી થવી જોઈએ. અને કાયમી ખરીદી વ્યવસ્થા હોવી જોઈએ તે મુખ્ય હતા. આમાં સીઝનમાં જે મળતી હોય તે વસ્તુજ ખરીદાતી હોય છે. જેના કારણે સીઝન પૂરી થતાં તે વસ્તુની ખરીદી બંધ કરવી પડતી હોય છે. તે તો સમજાય તેવી વાત છે. પણ કેન્દ્રો દ્વારા કે એજન્ટ દ્વારાજ ખરીદાય તે મહત્વની વાત છે. બીજા ખાનગી વેપારીઓ દ્વારા નહીં પણ કાયમી એજન્ટ કે કેન્દ્ર દ્વારા ખરીદી થાય તોજ તેમને સારા ભાવો મેળવી શકે. આમ જુદા જુદા જે સૂચનો જે આવ્યા હતા તે ઘણાજ આવકાર્ય અને તે માટે વિચારી યોગ્ય સુવ્યવસ્થા ગોઠવાય તો અવશ્ય આવક વધારી શકાય તેમ છે. જંગલ સાચવવું અને વધારવુ તે અગત્યની વાત છે. આમ થશે તોજ જંગલ ગૌણ પેદાશ મેળવી શકાશે તેમ ખૂબ સારી રીતે જાણે છે. પહેલાના જંગલ ગાઢ હતા ત્યારે દરેક વસ્તુ સહેલાઈથી અને પુરતા પ્રમાણમાં મળતી હતી તે અત્યારે મળતી નથી. બીજુ કેટલાક એવા વિસ્તારો છે ત્યાં સારીજાતના રોપા રોપી ઉત્પાદન થઈ શકાય તેમ છે. તેવી જગ્યાએ ખેડૂતોને કે જંગલ ખાતા દ્વારા જંગલની જમીનમાં આવા વૃક્ષો ઉછેરવા માટે યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ. ડાંગમાં સુબીર વિસ્તારમાં કાજુના છોડ થઈ શકે તેમ છે તો ત્યાં આની ખેતી માટે પ્રયત્ન થવા જોઈએ. સુધરેલા આમળા, બેરડા, અરીઠા વગેરે જાતોનું પ્લાન્ટેશન થઈ શકે. જે વિસ્તારને અનુરૂપ હોય તે વિસ્તારને ધ્યાનમાં રાખી આ પ્રવૃત્તિ વેગવંતી બનાવવી જોઈએ.

## પ્રકરણ – ૫

## તારણો અને સૂચનો

આપણે ખાઈએ છીએ તે ખોરાક, પહેરીએ છીએ તે કપડાં, આપણે બળતણ માટે વાપરીએ છીએ તે લાકડાં અથવા કોલસા એ છોડના વિકાસમાંથી ઉદ્ભવે છે. એમ કહેવામાં આવે છે કે દુનિયાની લગભગ ઘણી સંપત્તિ તથા ઘણો વેપાર છોડવામાંથી સીધે સીધી રીતે પેદા થયેલી વસ્તુઓ પર આધારે છે. આપણે ખાઈએ છીએ તે માંસ તથા પીણાઓ, તમાકુ, ઊન, રેશમ, લાકડાં, પ્રાણીની ચરબી અને ખાતરો, છોડવાઓ પર જીવતાં અથવા વનસ્પતિ આહારી છે એવા જીવોના શિકાર પર જીવતાં પ્રાણીઓના પેદાશ છે.

કુદરતે જમીનમાં સંપત્તિનો ભંડાર ખુલ્લો પડયો છે. એ સંપત્તિએ જેઓ તે હસ્તગત કરવાની શક્તિ ધરાવતા હતા. તેમને સમગ્ર ઇતિહાસકાળ દરમ્યાન સત્તા, સંસ્કૃતિ અને ઉચ્ચ કલાની સફળતાઓ માટેનો પાયો પૂરો પાડયો છે.

માણસ જેનો લાભ ઉઠાવી શકે તે છોડ શક્તિની સાધન સંપત્તિ અનેકવિધ છે. પ્રથમ તેની પાસે પોતાના દેશની સ્થાનિક વનસ્પતિ છે. આ આશીર્વાદરૂપ વારસાને પાત્ર થવા માટે તેણે કશું જ કર્યું નથી અને અતિશય ઉડાઉપણે તે તેને ખરચી રહ્યો છે. ઉપયોગી ઝાડોનું મોટું જંગલ એ સોનાની ગુપ્ત ખાણ છે.

છેલ્લા વર્ષો દરમ્યાન લાકડાની રસાયણવિદ્યા સંબંધમાં આશ્ચર્યકારક પ્રગતિ થવા પામી છે અને તેથી આજે લાકડાના રેષાઓમાંથી માણસ જાતને માટે અતિશય ઉપયોગી એવી અનેક વસ્તુઓ બનાવવાનું શક્ય બન્યું છે. સામાન્ય આરટો, પાટિયાં અને કાગળ ઉપરાંત લાકડામાંથી રેયોનના જેવું કાપડ, જેમાંથી અનેક પ્રકારના આકારોવાળી તથા કઠણ, નરમ, સ્થિતિસ્થાપક, ઝટ ન ભાંગી જાય એવા ગુણોવાળા વસ્તુઓ બને એવો પ્લાસ્ટિક નામનો પદાર્થ, મેસોનાઈટ, બેકેલાઈટ, પ્લાયવુડ, લાકડાના મિશ્રો અનેક પ્રકારની ખાંડ, રોઝીન, રોઝીન તથા લાકડાનો ગેસ વગેરે બનાવી શકાય છે. કાર્બોડ, પ્લાયવુડ તથા લાકડાના મિશ્રો ઘણી બાબતોમાં લાકડાના પાટિયાઓ કરતાં ચડીઆતાં હોય છે. એ હવા તથા પાણી સામે સારી રીતે ટકી શકે છે. અને તેમ છતાં તેમને કાપી તથા વહેરી શકાય છે. લાકડાના છોલણમાંથી ખડકો ખાણો બનાવી શકાય છે. તેમાંથી ઢોરને માટે પ્રોટીન તત્ત્વોથી ભરેલો ઊંચા પ્રકારનો ખોરાક મળે છે. આ બધી માહિતી મિ. ઇગોન ગ્લેસિંગરે ધી કમિંગ

મેન ઓફ વુડ નામના પોતાના પુસ્તકમાં ખૂબ રસિક રીતે આપી છે. આપણે પણ જંગલનો મહત્તમ ઉપયોગ કરી શકીએ. જંગલોના છેદની તથા તે કાપવાની આધુનિક પધ્ધતિ [illegible] અપનાવવામાં ન આવે તો જંગલોના પેદાશનો ઉદ્યોગ પેઇક થોડા જ વખતમાં હિંદના જંગલોનો નાશ કરે અને એ રીતે કાયમી સંપત્તિ નહીં પણ આપત્તિ અને ભીષણ ઉત્પાતજ પેદા કરે.

ગુજરાત રાજ્ય વન વિકાસની સ્થાપના કરી આપણે પણ જંગલના મહત્તમ ઉપયોગ માટેના મંડાણ કરી ચૂક્યા છીએ એમ છતાં હજુ આપણે ઘણું કરવાનું બાકી છે. સિમિત સાધનો અને કુશળ ટેક્નીશીયનોના અભાવે આપણે સંપૂર્ણ સિધ્ધિ મેળવી શક્યા નથી પણ જંગલનું મહત્વ જોતાં માનવજાતને ટકાવવા માટે પણ એ તરફ ડગ માંડયા સિવાય ચાલે તેમ નથી. આપણે જંગલ ઉત્પાદનનો ઘણો ઓછા ભાગજ ઉપયોગ કરીએ છીએ. મોટાભાગની પેદાશ વપરાશ વિહીન નાશ પામે છે. અથવા ચાહેલ વપરાશ કરવાથી સમગ્ર જંગલ નાશ પામે છે. આમ આપણે જંગલને બચાવી જંગલનો મહત્તમ ઉપયોગ કરી શકીએ તે ઉપર વધારે ધ્યાન કેન્દ્રીત કરવાનો સમય પાકી ગયો છે. જંગલ એકલા વન-વાસીઓનેજ ઉપયોગી છે અને બીજાઓને માટે ફક્ત લાકડું કે કેટલીક પેદાશો જ ઉપયોગી છે તેમ નથી. સમગ્ર માનવ જાત, પર્યાવરણ અને જમીનના જતન માટે જંગલ અનિવાર્ય છે. જમીનનું ધોવાણ અને ખડકાળ કે રણ પ્રદેશ બનતો અટકાવવા માટે જંગલ એ પાયાની જરૂરિયાત છે. જંગલ નહીં રહે તો જમીનની ફળદ્રુપતા પણ ટકવાની નથી અને જે જમીનમાં અમુક અન્ન ઉત્પાદન મેળવી શકીએ છીએ તે અન્ન ઉત્પાદન પણ મેળવી શકીએ નહીં. આમ જંગલ બચાવવાની અને ટકાવવાની એક મહત્વની જવાબદારી પણ ઉપાડવાની જરૂર છે.

(૧) <u>નિગમની જાણકારી અને પ્રવૃત્તિનો પ્રચાર</u> :

ડાંગના આદિવાસી વિસ્તારોમાં નિગમની અને તેની પ્રવૃત્તિની જાણકારી હજુ ઘણા ઓછા લોકોને છે. વળી જંગલ ગૌણ પેદાશો એકઠી કરવાનું કામ ડાંગના વિસ્તારના લોકો વિશેષ કરતા હોય છે. વસ્તુઓ પણ વિશેષ પ્રમાણમાં ત્યાં મળે છે. તેમની પાસે નિગમની જાણકારી નહીં હોવાથી તેઓ સ્થાનિક વેપારી કે હટવાડામાં જે ભાવ મળે તે ભાવે વેચતા હોય છે. કેટલીક જગ્યાએ તો હટવાડામાં

જાહેરાત કરવામાં આવે છે કે આવતા અઠવાડામાં અમુક વસ્તુ ખરીદવામાં આવશે ત્યારે તે વસ્તુઓ એકત્રીત કરી લઈ આવતા હોય છે. પણ કાયમી ધોરણે નિગમના એજન્ટો કે નિગમના કેન્દ્રો દ્વારા કઈ પેદાશો ખરીદવામાં આવે છે તેની જાણકારી હોતી નથી એટલે દરેક ગામે એની જાણકારી પહોંચવી જોઈએ, જેથી વેપારી તેનું શોષણ નહીં કરી શકે. નિગમ દ્વારા રાષ્ટ્રીયકૃત પેદાશો પૂરતા પ્રમાણમાં ખરીદવામાં આવે છે. પણ બિન રાષ્ટ્રીયકૃત પેદાશો પૂરતા પ્રમાણમાં ખરીદવામાં આવતી નથી ત્યારે લોકો તે વસ્તુઓ ખાનગી વેપારીને આપી દેતા હોય છે. આમ દરેકે દરેક વસ્તુ માટે કાયમી કેન્દ્રો અને એજન્ટો દ્વારા એકત્રીત કરવામાં આવે તોજ તેમને વધુ લાભ આપી શકાય. નિગમ ખરીદવાની ના પાડે ત્યારે એજન્ટોને પણ બીજા વેપારીઓને તે માલ વેચવો પડતો હોય છે એટલે કે પહેલાથીજ જે વસ્તુ જેટલી ખરીદવાની હોય તેટલી વસ્તુનો ઓર્ડર આપી દેવો જોઈએ જેથી પાછળથી કોઈ મુશ્કેલી ઊભી ન થાય. ઊંડાણના આદિવાસીઓને તો નિગમ કે ઠેકેદારોની જાણકારી પણ નથી હોતી.

રાષ્ટ્રીયકૃત પેદાશો જેવી કે ટીમરૂપાન, મહુડાફૂલ, ડોળી તથા ગુંદરો આ બધામાં ટીમરૂપાન માટે જે વિસ્તૃત નેટવર્ક ગોઠવાયું છે તેવું દરેક પેદાશ માટે ગોઠવાવવું જોઈએ તોજ સારું એકત્રન થાય અને આદિવાસીને રોજગારી મળે. ટીમરૂપાનના ઠેકેદારો દરેક ગામે કે નજીકના ગામે પોતાના એજન્ટ નીમે જે રીતે ખૂબ યોજનાબધ્ધ રીતે ગોઠવણ કરે છે. અને તેમને વધારે એકત્રન મળે છે તે રીતે નિગમ દ્વારા પણ અન્ય પેદાશો માટે કરવું જોઈએ. આજે ગુજરાતના આદિ-વાસી વિસ્તારના દરેક ગામે ટીમરૂપાન કોની જાણકારી છે અને તે ઠેકેદાર ખરીદે છે. તે પણ જાણે છે. જોકે ઘણા એ જાણતા નથી કે આ નિગમ દ્વારા ઠેકાઓ આપવામાં આવે છે. આમ છતાં એની પ્રવૃત્તિની દરેકને જાણ છે. આમાં પણ ઠેકેદારોને કડક સૂચનાઓ આપવા જેવી ખરી. ક્યારેક સ્થાનિક એજન્ટો અને સારા પાન મેળવવા માટે તેને કુહાડીથી ઝાડની નાની ડાળીઓ કાપવી પડતી હોય છે જે નવા પાન (નવી ફૂટ) આવે તે એકત્ર કરવામાં આવે છે.

તેમાં એજન્ટને પાછળથી પુરતુ મહેનતાણું આપવામાં આવતુ નથી એવી પણ ફરીયાદો સાંભળવા મળે છે. જોકે ઘણાઓછા એજન્ટો છે જેમને આવી ફરિયાદ કરી હોય. એટલે કે ટીમરૂપાન માટેનું જે વહીવટી માળખુ ઊભુ થાય છે તેવું માળખુ દરેક પેદાશો માટે ગોઠવાય તો પરિણામ સારું મેળવી શકાય તેમ છે.

(૨) <u>ઉપયોગી ઝાડો બચાવવાનું અભિયાન :</u>

આગળ જોયુ તેમ જંગલ માનવજાત માટે ખુબજ ઉપયોગી છે. આમાંય જે એવા ઝાડો છે જે પુષ્કળ પ્રમાણમાં વન પેદાશો આપે છે. તેવા ઝાડો આજના જમાનામાં ઘણા ઓછા થતા જાય છે. કંઈ ને કંઈ કારણોસર આ ઝાડો કપાતા રહે છે. તેની સામે ઝાડો ઉછેરવા જોઈએ તે ઉછરતા નથી એટલે કેટલાય એવા ગામો છે જેના નામો તે વિસ્તારમાં થતા ઝાડોના નામ પરથી પડયા હોય. આજે તે ઝાડ તે ગામમાં જોવા પણ મળતા નથી. દા.ત. દાણ મહુડી, ડમિનું કાટડોર ગોળી જ્યાં દિવસનો ચાર ચાર ડોલો ગુંદર મળતો ત્યાં આજે એકપણ ઝાડ નથી. એટલે કે આપણને જે વન્ય પેદાશો પુષ્કળ પ્રમાણમાં આપે છે તેવા ઝાડો તેમજ અન્યંતરે ઉપયોગમાં આવતા ઝાડો બચાવવા જોઈએ. જેમાં સાલવ, રક્ત-રોહીડો, અર્જુન સાદડ, બીયો, હરડે, વગેરેના ઝાડો ઘણાઓછા થતા ચાલ્યા છે. મહુડાનું ઝાડ જે આદિવાસી માટે કલ્પવૃક્ષ તરીકે ઓળખાય છે તે પણ ઘણા ઓછા થતા ચાલ્યા છે. પોતાની જમીનમાં ઝાડ હોય અને માલિક બીજો હોય, આવી સ્થિતિમાં જમીન ખેડનાર વ્યક્તિ તેના ડાળા કાપી નાખે, મૂળમાં ધોવાણ થવાદે અને દર વર્ષે મૂળ કાપી નાખે. થોડા વર્ષોમાં ઝાડ નાશ પામે છે. જ્યારે બીજી બાજુ જ્યાં જંગલની જમીનમાં આવા ઝાડ છે ત્યાં સતત ધોવાણ થતુ હોય છે. તેના થડ પાસેથી બળતણના લાકડા કાપવામાં આવે છે તે ચોમાસામાં પડી જાય છે. અને નાશ થાય છે. ઘણા આવા ઝાડો છે જેના મૂળ ખુલ્લા થઈ ગયા

હોય. આ જૂના ઝાડોની આજુબાજુ એકપણ નવું ઝાડ જોવા મળતુ નથી. વળી નવું ઝાડ થાય તેને રક્ષણ ન મળવાથી ઢોરઢકરા ખાઇ જાય છે. આવા અમૂલ્ય ઝાડને તૈયાર થતાં ઘણો સમય લાગતો હોય છે. જો નવા ઝાડ તૈયાર ન થાય અને જુના ઝાડનો નાશ થાય તો ભવિષ્યમાં તે ઝાડ જોવા પણ મળવાના નથી. નિગમના કેટલાક કેન્દ્રોમાં નર્સરી દ્વારા પ્રયત્ન કરવામાં આવે છે. પણ તે પ્રયત્ન સઘન બનાવી સ્થાનિક લોકો, નિગમ અને જંગલ ખાતાના સંકલન વચ્ચે ઝાડ બચાવો અને વાવોની ઝુંબેશ ઉપાડવી પડે અને આ રીતે લોક જાગૃતિ લાવવી પડે.

(૩) <u>પ્રોસેસીંગ પ્રવૃતિ વધારી શકાય</u> :

આજકાલ વૈજ્ઞાનિક ઢબે વન પેદાશોમાંથી ઘણીબધી કિંમતી ચીજો તૈયાર કરી શકાય તેમ છે તેમાં નિગમે ધ્યાન કેન્દ્રીત કરી ટેક્નીશીયનોની મદદથી ઘણા સારા પરિણામો મેળવી શકાય તેમ છે. દા.ત. મહુડાફૂલમાંથી જેલી, ડોળીમાંથી તેલ, વનવંતરી પેદાશોમાંથી ચૂરણ, ચ્યવનપ્રાશ વગેરે બનાવી શકાય તેમ છે. જોકે આ રીતે નિગમ દ્વારા પ્રયત્ન થયો છે પણ તેમાં ધારી સફળતા મળી હોય તેમ લાગતુ નથી. વલસાડમાં વનિલ ઉદ્યોગ દ્વારા ઘર ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવે છે. પડીયા, પતરાળા બનાવવામાં આવે છે. પણ હજુ તેનો વ્યાપ વધારવામાં આવે તો તેમાં સારી સફળતા મેળવી શકાય તેમ છે. આ ઉપરાંત પણ કેટલીય એવી વન્ય પેદાશો છે જે ઘણીજ ઉપયોગી થાય તેમ છે. પણ તેની પ્રોસેસીંગ કરી વાપરવામાં આવે તો તેના ભાવો પણ સારા મળે અને બજાર પણ સુલભ થાય.

(૪) <u>પ્રશિક્ષણ</u> :

પ્રશિક્ષણનું કાર્ય ઘણુંજ અગત્યનું છે. નિગમ દ્વારા કેન્દ્ર નક્કી કરવામાં આવ્યા છે. પણ જે આદિવાસીઓ જંગલ પેદાશ એકત્રીત કરે છે તેને તે અંગેનું પ્રશિક્ષણ મળેલ નહીં હોવાથી કાચીપાકી દરેક

વસ્તુ એકત્રીત કરે છે. આ માટે ખાસ વ્યવસ્થા કરી તેમને માલની ગુણવત્તાનો ખ્યાલ આપી પરિપક્વ અને સારી ક્વોલીટીના ભાવો સારા મળે છે. તેનો ખ્યાલ આપવો જોઈએ તે જે વસ્તુઓ લાવે છે તે ક્યારેક ગુણવત્તાની દ્રષ્ટિએ ઘણી નીચી હોય છે. દા.ત. ડોળી, સારી હાલ હોય તેના ભાવ સારા મળે છે. તો તેને ઝાડ ઉપર પાકે ત્યારેજ ઉતારવી જોઈએ, નહીં કે કાચી કાચી ઉતારવાથી તે ચિમરાઇ જાય છે. કાળી પડી જાય છે. જેથી બજાર મળતું નથી. જોકે કેટલાક વિસ્તારોમાં પાકી ડોળી મળે છે તે ડોળી પોતાના માટે તેલ બનાવવા રાખે છે અને કાચી ડોળી વેચે છે. તેના કારણે તેને ભાવો સારા મળતા નથી. તેજ રીતે આમળા પણ સારા અને પાકા ઉતારવામાં આવે તો ભાવો સારા મળે છે. કેટલાક વિસ્તારમાં ખૂબ સારા આમળા થાય છે તેને ઉતારી પાણીમાં ઉકાળી પછી વેચવામાં આવે તો તેના ભાવ ઊંચા મળે છે. એટલે કે પાણીમાં ઉકાળવાથી તેની અંદર રહેલા બી જલ્દી છુટા પડે છે અને કામગીરી-વાળા ભાવો પણ ઊંચા આવે છે. વેપારીઓ અથવા જાગૃત લોકો તેની પ્રોસેસ કરી વેચતા હોવાથી કીલોના ૮ થી ૧૦ રૂા.ના ભાવે વેચે છે, જ્યારે આદિવાસી તે બે રૂપિયાના ભાવે વેચે છે. આમ ઘણીબધી વસ્તુઓ છે જેની થોડીક પ્રોસેસ કરીને વેચે તો ભાવો વધારે મેળવી શકાય તે માટે તેમને પ્રશિક્ષણની જરૂર છે. ડાંગમાં આમળા, બહેડા, અરીઠા, પુષ્કળ પ્રમાણમાં થાય છે. તેમને આ જાણકારી મળે તો સારી આવક મેળવી શકે તેમ છે.

બીજુ જંગલની ઘણી વસ્તુઓ એવી છે જે નિગમ દ્વારા ખરીદાતી ન હોય તેવી વસ્તુઓ પણ ખરીદવી જોઈએ. જેથી તેઓ આ કિંમતી વસ્તુ ખાનગી લેવાદારી વેપારીઓને ન વેચતાં નિગમને વેચે. વિવિધ પ્રકારના બોર કે વન્ય ફળો જેવા કે જંગલી કેળા, આમળા, ઉંબરા, જાંબુ, કેસુડા તેમજ ધનવંતરી, ફળફૂલો વગેરે પણ મેળવી તેના વિવિધ પ્રકારના ફુડ પ્રોસેસિંગ કરવામાં આવે તો ઘણો લાભ થાય તેમ છે. મૂંઝણી છોડી અને કાળી આદિવાસી

ઘણા વિસ્તારોમાં થાય છે. પણ તેના નામ જુદા જુદા હોય છે. તેને ભાજી તરીકે ખાવા પૂરતોજ ઉપયોગ કરે છે, તેને ખોદતા નથી, તેને ખોદી વેચે તો સારામાં સારો લાભ મેળવી શકે તેમ છે.

(૫) <u>વિસ્તારને અનુરૂપ વિવિધ છોડવાઓનું પ્લાન્ટેશન :</u>

વિસ્તારને અનુરૂપ કેટલાક એવા ઝાડ છે કે તેમને વરસે દહાડો સારી કમાણી કરી આપે તેમ છે. દા.ત. ડાંગમાં કાજુની ખેતી થઈ શકે તેમ છે. આમળાની ખેતી થઈ શકે તેમ છે. પોતાના ખેતરના શેઢા ઉપર આ ઝાડ રોપવામાં આવે તો સારી કમાણી થાય તેમ છે. આ ઉપર જે ઝાડ નામ લેતા જાય છે તેવા મહુડા, ખેરડા, હરડે, અરીઠા, વિવિધ ગુંદરો, આંબાયુક્ત ઝાડો જેવાકે રક્ત-રોહીડો, સાલય, અર્જુનસાદડ, આ ઝાડો, સીતાફળ, રામફળ, વગેરેની કલમો આપવી જોઈએ જેથી ઝાડ પણ વધે અને આવક પણ મળે. છોટાઉદેપુરમાં આ પ્રયોગ કર્યો છે પણ તે દરેક જગ્યાએ વિસ્તૃતરૂપમાં થવો જોઈએ. કમ્યુનીટીમાંથી ખૂબ સારી આવક મેળવી શકાય તેમ છે. છોટાઉદેપુરમાં આનું ઉત્પાદન વધારી શકાય તેમ છે.

કોશમની લાખ જે પહેલા ઘણું ઉત્પાદન થતું હતું, અત્યારે ઘટી ગયું છે તે વધારવું જોઈએ. કોશમની લાખનું બજાર કલકત્તા ખૂબ સારું છે. સુપર ક્વોલીટીની લાખના ૫૦ થી ૬૦ રૂા. કીલોના ભાવે વેચાય છે.

તેજરીતે સાલય, ગુગળનું ઉત્પાદન ખેડબ્રહ્મા, પોશીના પટ્ટામાં અને દાંતામાં પુષ્કળ પ્રમાણમાં થાય છે. તેનું શુધ્ધિકરણ કરવામાં આવે તો ખૂબ સારી આવક મેળવી શકાય તેમ છે. લોકોને સારી આવક મળશે તો તે ઝાડને કોઈ કાપશે પણ નહી. અંબાજીના કેટલાક વિસ્તારમાં સાલયના ગુંદર પર પ્રતિબંધ મૂક્યો છે તે સારી વાત છે. તે પણ તેના કરતાં સારી ક્વોલીટી મેળવવા માટેની ટ્રેનીંગ આપવામાં આવે અને મેળવવાની પધ્ધતિ બતાવવામાં આવે તો ઝાડનો નાશ ન થાય અને આવક સારી મળે.

મુસળી કાળી, ધોળી આ વિસ્તારમાં પણ થાય છે તે પણ પરિપક્વ થાય ત્યારે ઉપાડવામાં આવે અને વીણી ન દેવતાં સુકવ્યા-બાદ વેચે તો ખૂબ સારા ભાવ મળે તેમ છે તે માટે પણ યોગ્ય માર્ગ-દર્શન અને ખરીદી વ્યવસ્થા સુધારવાની જરૂર છે.

આપણા દરેક જંગલમાં ખાખરાના ઝાડ પુષ્કળ થાય છે તેની સાથે સાથે તેના ફૂલ કે જેને કેસુડા આદિવાસી કહે છે તે પણ પુષ્કળ થાય છે. પણ તેને કોઈ ખરીદતું નથી. તેનો પણ ખૂબ સારો ઉપયોગ થઈ શકે તેમ છે. અને રોજગારી આપી શકાય તેમ છે. મધનું ઉત્પાદન વધારવા માટે મધમાખી ઉછેર કેન્દ્રો ખોલવા જોઈએ જ્યાં વધારે મધ મળે છે તેવા વિસ્તારોમાં વ્યાપક ટ્રેનિંગ આપવામાં આવે તો સારું ઉત્પાદન મેળવી શકાય.

- વિવિધ અત્તરો માટે વપરાતા વનફૂલો જેવી કે [illegible] જે સોટી જેવો છોડ થાય છે. અને અત્તરમાં વપરાય છે. (તેના ફળનો ઉપયોગ અત્તરમાં થાય છે.)
- ચીલારીની છાલ જે અત્તરમાં વપરાય છે.
- વાળવાની [illegible] જે અત્તરમાં વપરાય છે.

[illegible] – જેનો ભાવ [illegible] રૂપિયા વેપારીઓ આપે છે જે વધારવું જોઈએ.

બાવચી – રોપાના ૧૦ રૂા. પ્રમાણે વેપારીઓ લે છે જે શરીર માટે ઘણા ઉપયોગી છે.

સમાયો – મસાલામાં વપરાતી વસ્તુ છે. જંગલમાં થાય છે. રાજગરા જેવા દાણા થાય છે. જરાક ચીકણા અને સ્વાદ મસાલાના સ્વાદ જેવા હોય છે. વેપારીઓ તે ખરીદે છે અને સારા ભાવ આપે છે.

આવી તો ઘણીબધી વસ્તુઓ જંગલમાંથી મળી શકે તેમ છે. તેને બચાવવાની અને કાયમી મળી રહે તે વ્યવસ્થા ગોઠવવાની મોટી જવાબદારી પણ નિગમે ઉપાડવી જોઈએ અને તેમાં સમાજ, સરકાર અને જંગલખાતાનો સહકાર ખૂબજ આવશ્યક છે.

(૬) <u>ઔષધયુક્ત વન પેદાશો</u> :

ગુજરાતમાં જંગલોમાં ઘણીબધી ઔષધયુક્ત વનસ્પતિ થાય છે. એકલા ડાંગમાં ૨૧૬ પ્રકારની વનૌષધિ ઉપલબ્ધ છે. અન્ય જિલ્લાઓમાં પણ વત્તાઓછા પ્રમાણમાં વનઔષધ મળે છે. આદિવાસીઓ ઔષધયુક્ત ઝાડોના ગુણમાં ખૂબ સારી રીતે ઓળખે છે. ઓળખે છે. કારણકે તેઓ વર્ષોથી પરંપરાગત પધ્ધતિથી વનઔષધનો ઉપયોગ કરતા આવ્યા છે. નિગમે તેમને થોડુક માર્ગદર્શન અને પધ્ધતિ બતાવવામાં આવે તો ઘણી સારી કામગીરી કરી શકે તેમ છે. આયુર્વેદિક કામ્પનીઓને મોટા પ્રમાણમાં વનઔષધની જરૂરિયાત ઊભી થાય છે. તેમની શર્ત માત્ર એટલી હોય છે કે પરિપક્વ અને ચોખ્ખી વસ્તુ મળે તો તેઓ વધારે ભાવો આપી પણ ખરીદવા તૈયાર હોય છે. અત્યારે કેટલીક કામ્પનીઓ પોતાના પગારદાર માણસો રાખી એકત્ર કરાવતા હોય છે. તેમની ફરીયાદ એવી છે કે તેમને જોઈતી સારી વસ્તુઓ આવતી નથી જેથી તેઓ આદિવાસીઓ પાસેથીનખરીદતાં ખુલ્લા માર્કેટમાંથી ખરીદે છે. જોકે ડાંગની કામ્પનીનો મુખ્ય ઉદ્દેશ પણ સ્થાનિક આદિવાસીઓને રોજગારી પુરી પાડવાનો હતો પણ મુશ્કેલતા અને અન આવડતના કારણે નવ જેટલી ગૌણ પેદાશ એકત્રીત કરતી મંડળીઓ હાલમાં બંધ છે. આ અંગે પણ નિગમ દ્વારા પ્રયત્ન કરવામાં આવે તો ઘણીસારી વનઔષધ એકત્રીત કરી શકાય તેમ છે. તે માટે આગળ જણાવ્યા પ્રમાણે પ્રશિક્ષણ ખૂબ આવશ્યક છે. આદિવાસીઓ પાસે ડાયરેક્ટ મંગાવવામાં આવે ત્યારે ક્યારેક લાવતા નથી જે લાવે તો કાચીપાકી વસ્તુઓ લાવે છે જેથી તેને સાફસુફ કરવામાં ઘણો સમય જાય છે. અને બજાર કરતાં પણ મોંઘી વસ્તુ તૈયાર થાય છે માટે ટ્રેનીંગ ખૂબ આવશ્યક છે.

(૭) <u>એજન્ટ નિમણુંક</u> :

એજન્ટની નિમણુંક બાબતે નિગમે પ્રથમથીજ ધ્યાન આપ્યું છે તેમ છતાં ઊંડાણના વિસ્તારોમાં જે એજન્ટ નિમવામાં આવે છે

તેમની પાસે ખરીદેલ પેદાશોના સંગ્રહ માટે પુરતા પ્રમાણમાં સગવડ હોતી નથી, વળી જ્યારે સીઝન આવે ત્યારે પેદાશોનો જથ્થો વધી જતો હોવાથી તે બધાને પૂરતા પ્રમાણમાં પેમેન્ટ ચૂકવી શકતો નથી ત્યારે લોકો ખાનગી વેપારીને કે હટવાડામાં માલ વેચતા હોય છે. નિગમે આ અંગે એજન્ટને જરૂરિયાત પ્રમાણેની લોન આપવી જોઈએ. આ માટે જરૂર પડે પ્રોજેક્ટ ડીવીઝનમાંથી અધિકારીએ જાતે જ તપાસ કરી તેને જોઈતા પ્રમાણમાં નાણાંની સહાય કરવી જોઈએ. સાથે સાથે તેના વિસ્તારને અનુરૂપ વાહતુક ખર્ચ આપવો જોઈએ. તથા વસ્તુ રાખવા માટે જે      જગ્યા વપરાય છે તેના ભાડા પેટે પણ તેને મદદ કરવામાં આવે તો તેનો ઉત્સાહ અનેરો વધી જશે અને વધારે સારી કામગીરી કરી શકે છે. આ અંગે નિગમે પહેલાથી કેટલીક સુવિધાઓ આપી જ છે. જેમકે એક ટકો વધારે કમીશન, લોનની સગવડ વગેરે તેમ છતાં જ્યાં જ્યારે ઉત્પાદન થાય છે તેવા ઊંડાણના વિસ્તારો માટે યોગ્ય વ્યવસ્થા થાય તો ખૂબ સારું પરિણામ મેળવી શકાય તેમ છે. આ કામમાં ઉત્સાહી બેકાર આદિવાસી યુવાનોને રોકવા જોઈએ.

(૮) ગુજરાત રાજ્ય વનવિકાસ નિગમની કામગીરી સરાહનીય અને પ્રશંસાપાત્ર છે. આજ સુધી આદિવાસીઓનું ખાનગી વેપારીઓ દ્વારા શોષણ થતુ આવ્યું હતું તેમાં ઘણો સુધારો જોઈ શકાય છે. લોકોમાં જાગૃતિ આવી છે. લોકો આવક વધારવાના તેમજ જંગલ બચાવવાના વિચારો કરતા થયા છે. વસ્તી વધારાથી જંગલની આવક ઓછી મળે છે તેમ માનતા થાય છે. પહેલાં જે સરળતાથી જોઈએ તેટલા પ્રમાણમાં જંગલની પેદાશો મળતી તેમાં ઘટાડો થયો છે તેમ લોકો માને છે. અને ઘટાડાનું કારણ પણ એકત્રીત કરનારની સંખ્યામાં થયેલો વધારો બતાવે છે. આ તબક્કામાં તેમને કાયમી આવક મળી શકે તે માટે નિગમ દ્વારા કાર્યનિષ્ઠ કાર્યકરો અને ખેતીવાડી, પશુપાલનના તજજ્ઞોની મદદ લઈ તબક્કાવાર આયોજન કરવામાં આવે તો લોકોનો વિશ્વાસ સંપાદન થઈ શકે અને તેમને પોતાના વતનમાંજ કાયમી રોજગારી આપી શકાય અને જંગલ પેદાશો પોતાના ખેતરમાંજ મેળવતો થાય.

નિગમના આકર્ષક ભાવોએ તેને નિગમને જ પેદાશ વેચવા તરફ આકર્ષ્યો છે પણ તેને તેની આવશ્યક જરૂરિયાતો પણ સંતોષાતી ન હોવાથી તેમજ આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે રોજ-બરોજની જરૂરિયાત માટે તેને ખાનગી વેપારી કે હટવાડાના પથારીવાળા વેપારીઓ તેને નિગમ સુધી પહોંચવા દેતા નથી. અગાઉ જોયુ તેમ હટવાડાના વેપારીઓ દરેક પેદાશ ખરીદતા હોય છે. તેમની પાસે પરવાનો ન હોય તો જેની પાસે પરવાનો છે તેવા વેપારીને તે માલ વેચતા હોય છે. અને અનુકૂળ સમય હોયતો તે જથ્થો રાજ્ય બહાર પણ પહોંચાડવામાં આવે છે. આમ ઘણાબધા પરિબળો તેના શોષણના ભાગીદાર છે.

આ બધી નાગચૂડમાંથી આદિવાસીને છોડાવવા માટે નિગમ દ્વારા જે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે ત્યારે તેની સામે ખૂબ મોટી સમુદાયના શોષણની રાજ્યની અટક વનસંપત્તિને બચાવવાની મોટી જવાબદારી આવી પડી છે તે જવાબદારી નિગમ પોતાના કુશળ વહીવટ અને કાર્યદક્ષ, નિષ્ઠાવાન કર્મચારીઓ દ્વારા આ જવાબદારી ઉપાડી લે તો આદિવાસી સમાજ માટે આશિર્વાદરૂપ પ્રવૃત્તિ છે.